આજનો સુવિચાર

જ્યારે માણસ પોતાની ભૂલોનો હિમાયતી અને બીજાની ભૂલોનો ન્યાયાધીશ બને છે, ત્યારે નિર્ણયોને બદલે મતભેદો આવે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૯૬ જૂનાગઢ તા.૦૨-૧૨-૨૦૨૩ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 296, Junagadh : Date : 02 December, 2023, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## આવતીકાલે ચાર રાજયોમાં મતગણતરી : પરીણામો અંગે અટકળોનો દોર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨

પાંચ રાજયો - મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા હવે પૂર્ણ થઈ ગઈ છે, તેના પરિણામો ૩ અને ૪ ડિસેમ્બરે આવશે. મિઝોરમમાં મત ગણતરી સોમવારે થશે. આવતીકાલે મતગણતરી જે ૪ રાજ્યોમાં થશે જેને લઈને અટકળો અને અનુમાનોનું બજાર ગરમ છે.

પાંચ રાજયોના મતદારો ઉત્સુકતાપૂર્વક પરિણામોની રાહ જોઈ રહ્યા છે. ૩૦ નવેમ્બરના રોજ જાહેર થયેલા મધ્યપ્રદેશ, રાજસ્થાન, છત્તીસગઢ, તેલંગાણા અને મિઝોરમ વિધાનસભા ચૂંટણીઓ માટેના એકઝિટ પોલના તારણોમાં વિવિધ આગાહીઓ કરવામાં આવી હતી, જે મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ભારતીય જનતા પાર્ટીને લાભ થવાનો અંદાજ છે, છત્તીસગઢ અને તેલંગાણામાં કોંગ્રેસ માટે સ્પષ્ટ ધાર અને MNF મિઝોરમમાં સત્તાની લડાઈમાં આગળ છે.

એકઝિટ પોલ્સ અનુસાર, કોંગ્રેસ તેલંગાણામાં કે ચંદ્રશેખર રાવની BRSને હટાવી શકે છે અને છત્તીસગઢમાં સત્તા જાળવી શકે છે. જો કે, એકઝિટ પોલ્સે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસ અને ભાજપ વચ્ચે નજીકના લડાઈની પણ આગાહી કરી છે.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સુરજેવાલાએ કહ્યું છે કે કોંગ્રેસ કુલ ૨૩૦ બેઠકોમાંથી ૧૩૫ બેઠકો સાથે મધ્યપ્રદેશની ચૂંટણી જીતવા માટેના ટ્રેક પર છે, જયારે કેટલાક એકઝિટ પોલમાં ભાજપની જંગી જીતની આગાહી કરવામાં આવી છે. કોંગ્રેસના પ્રવક્તા સુપ્રિયા શ્રીનાતે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેમની પાર્ટી રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણામાં ચાર રાજયોમાં સરકાર બનાવશે.

જયારે અન્ય ચાર રાજયોમાં ભાજપ અથવા કોંગ્રેસ સ્પષ્ટ બહુમતી દર્શાવે છે, ત્યારે મિઝોરમમાં પ્રાદેશિક પક્ષો MNF અને ZPMનું વર્ચસ્વ હતું, જેમાં અનુમાનિત સીટ શેર તેમની વચ્ચે નજીકની હરીફાઈ છે.

ભારતીય જનતા પાર્ટીના નેતા ટી રાજાએ દાવો કર્યો છે કે કોંગ્રેસ અને BRSની તેલંગાણામાં સાથે મળીને સરકાર બનાવવાની યોજના છે. રાજાએ કહ્યું, 'મેં અગાઉ પણ કહ્યું હતું કે કોઈને સંપૂર્ણ બહુમતી નહીં મળે. આ વખતે ત્રિશંકુ વિધાનસભા હશે. તેથી, મને લાગે છે કે કોંગ્રેસ અને બીઆરએસ - જેમણે એકસાથે ચૂંટણી લડી હતી અને જયાં પણ તેમને ડમી ઉમેદવારો ઉભા રાખ્યા હતા - તેલંગાણામાં સાથે મળીને સરકાર બનાવશે.'

## શું મહિલા સામે બળાત્કારનો કેસ થઈ શકે ? સુપ્રિમ કોર્ટમાં વિચિત્ર કેસ આવ્યો



નવી દિલ્હી, તા.૨ : શું મહિલા સામે બળાત્કારનો કેસ દાખલ થઈ શકે ? જી હા, આવો એક કેસ સુપ્રિમ કોર્ટમાં આવ્યો છે અને સુપ્રિમ કોર્ટે આ કેસમાં પંજાબ પોલીસ પાસેથી જવાબ માંગ્યો છે. ૬૨ વર્ષની મહિલા પર તેની પુત્રવધુએ યૌન ઉત્પીડન- બળાત્કારનો આરોપ લગાવ્યો છે. પુત્રવધુએ તેના દિયર પર પણ બળાત્કારનો આરોપ લગાવ્યો છે.

સામાપક્ષે ૬૨ વર્ષીય સાસુ તરફથી વકીલ ઋષિ મલ્હોત્રાએ જસ્ટીસ ઋષિકેશ રોય અને સંજય કરોલની પીઠ સામે તર્ક આવ્યો હતો કે સુપ્રિમ કોર્ટે ફેસલો સંભળાવ્યો હતો કે મહિલા સામે ગેંગરેપનો કેસ દાખલ ન થઈ શકે અને સિધ્ધાંતનુ મુળએ હતું કે મહિલાને બળાત્કારના કેસમાં આરોપી ન બનાવી શકાય. પુરો મામલો પંજાબના ગુરૂદાસપુરનો છે જેમાં પુત્રવધુએ ફરિયાદી સાસુ સામેના મોટા દીકરા સાથે વીડિયો કોલના માધ્યમથી લગ્ન કર્યા હતા. ખરેખર તો સાસુનો મોટો દીકરો અમેરિકામાં રહે છે. બંનેનો પરિચય ફેસબુકથી થયો હતો

બાદમાં બંનેએ લગ્ન કર્યા હતા. આ કથામાં નાટકીય વળાંક ત્યારે આવ્યો જયારે સાસુનો નાનો દીકરો પોર્ટુગલથી આવ્યો અને કેટલોક સમય સાથે રહ્યો જયારે તે પાછો જઈ રહ્યો હતો ત્યારે પુત્રવધુએ દિયરને તેને પોતાની સાથે લઈ જવાનો આગ્રહ કર્યો પણ તે પોર્ટુગલ ચાલ્યો ગયો તેના ગયા બાદ પુત્રવધુ અને તેના પરિવારના સભ્યોએ કથિત રીતે સાસુ પર તેના મોટા દીકરા સાથેના લગ્ન રદ કરવાનું દબાણ કર્યુ એક સમજુતી મુજબ લગ્ન રદ કરવા પુત્રવધુને ૧૧ લાખ રૂપિયા આપ્યા છે.

હવે પુત્રવધુ સામે ફરીયાદ કરનાર સાસુનો આરોપ છે કે બાદમાં તેની માંગ વધતી ગઈ જયારે ઈન્કાર કર્યો તો અલગ થઈ ગયેલી પુત્રવધુએ તેની સામે અને તેના નાના દીકરા સાથે બળાત્કારનો આરોપ લગાવ્યો છે. આ કેસમાં મહત્વની વાત એ છે કે સાસુના આગોતરા જામીન ગુરૂદાસપુરની સેશન કોર્ટે રદ કર્યા હતા. તેની જામીન અરજીને પંજાબ-હરિયાણા હાઈકોર્ટે પણ ફગાવી દેતા આ મામલે સુપ્રિમ કોર્ટમાં પહોંચ્યો હતો.

## સોમવારથી સંસદનાં શિયાળુ સત્રનો પ્રારંભ

નવી દિલ્હી, તા.૨: સોમવારથી શરૂ થઈ રહેલા સંસદના શિયાળુ સત્રની શરૂઆતના બે દિવસ પહેલા કેન્દ્ર સરકારે સર્વપક્ષીય બેઠક બોલાવી છે. સંસદના આગામી સત્રને વર્તમાન લોકસભાનું છેલ્લું સત્ર ગણાવતા કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ વિપક્ષોને આ ચર્ચામાં સહયોગ આપવાની અને ભાગ લેવાની અપીલ કરી છે. સંસદનું શિયાળુ સત્ર ૪ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે. સત્ર ૨૨ ડિસેમ્બર સુધી ચાલશે જેમાં ૧૫ બેઠકો યોજાશે.

## મોંઘવારી બેફામ : શાકભાજી, અનાજ બાદ હવે દાળ - કઠોળનાં ભાવો આસમાને

નવી દિલ્હી,તા.૨: હાલના સમયમાં દાળોની કિંમતો સતત વધી રહી છે. જેથી આમ જનતા મોંઘવારીથી ત્રસ્ત થઈ છે. અન્ય ખાદ્ય પદાર્થોની તુલનામાં દાળોની કિંમતો પર કાબૂ મેળવવો મુશ્કેલ છે, કેમ કે દાળોને મામલે ભારત સૌથી મોટ ઉત્પાદક અને ઉપભોક્તા દેશ -બંને છે. દાળોની કિંમતો વધવી એ ચિંતાજનક વિષય છે, કેમ કે અનેક પરિવારો માટે એ પ્રોટીનનો મહત્ત્વનો સોર્સ છે.

દેશમાં સામાન્ય રીતે અડદ, મસૂર, ચણા, તુવેર અને મગ સહિત વિવિધ પ્રકારની દાળો-કઠોળનો ઉપયોગ કરવામાં આવે છે. દિલ્હીમાં તુવેર દાળની કિંમત પ્રતિ કિલો રૂા. ૧૧૮ની તુલનાએ આશરે ૫૦ ટકા વધીને રૂા. ૧૭૩એ પહોંચી છે. કૃષિ મંત્રાલયના ડેટા મુજબ આ વર્ષે ખરીફ દાળોનો પાક પાંચ વર્ષની સરેરાશથી ૧૧.૫ ટકા ઓછો છે.

## ગુજરાતમાં છેલ્લા ૬ માસમાં હૃદય રોગનાં હુમલાથી ૧૦૫૨નાં મોત



### મૃતકોમાં ૮૦ ટકા ૧૧ થી ૨૫ વર્ષ જૂથનાં તરૂણ અને યુવાનો

અમદાવાદ તા.૨ : કોરોનાકાળ બાદ છેલ્લા કેટલાંક વખતથી ખાસ કરીને યુવાનોમાં વધેલા હાર્ટએટેકનાં બનાવોથી ચિંતા છે ગુજરાતને છેલ્લા ૬ મહિનામાં ૧૦૫૨ લોકોના હૃદયરોગનાં હુમલાથી મોત નીપજયા હતા અને તેમાંથી ૮૦ ટકા વયથી આ વર્ષની વય જુથનાં હોવાનૂં રાજયનાં શિક્ષણમંત્રી કુબેર ડીંડોરે કહ્યું હતું.

યુવા વર્ગમાં વધતા હાર્ટ એટેકનાં કિસ્સાઓને ધ્યાનમાં રાખીને રાજયના બે લાખ શિક્ષકો તથા પ્રોફેસરોને સીપીઆરની તાલીમ આપવામાં આવશે. હાર્ટ એટેકની ઈમરજન્સી પરિસ્થિતિમાં આ ટ્રેનીંગ ઘણી ઉપયોગી રહેશે. તેઓએ કહ્યુ કે ૬ મહિનામાં ૧૦૫૨ લોકો હાર્ટ એટેકથી મોતને ભેટયા હતા તેમાં ૮૦ ટકા યુવાન હતા અને તેઓ મેદસ્વીપણાનો પણ સામનો કરતા ન હતા.

## આ વખતે શિયાળામાં કડકડતી ઠંડી નહી પડે



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨ : શિયાળાનું આગમન થઈ ગયુ હોવા છતાં હજુ કડકડતી ઠંડી પડતી નથી ત્યારે ચાલુ સીઝનમાં જ પ્રકોપ સર્જતી ઠંડી નહીં પડે અને કોલ્ડવેવનાં દિવસો પણ ઘણા ઓછા રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા ડીસેમ્બરથી ફેબ્રુઆરી સુધીની ત્રણ મહિનાની આગાહી કરવામાં આવી છે.આ દરમ્યાન દિવસન સમયે તાપમાન સામાન્ય (નોર્મલ)થી વધુ રહેશે અને સામાન્ય કરતાં વધુ ગરમીનો અહેસાસ થશે. કોલ્ડવેવનાં દિવસોની સંખ્યા પણ સામાન્ય કરતા ઓછી રહેશે.

## સીઝફાયર સમાપ્ત થયા બાદ ગાઝા પર ઈઝરાયેલનાં હુમલામાં ૧૭૮ લોકોનાં મોત

ગાઝાપટ્ટી તા. ૨

આંતરરાષ્ટ્રીય સમુદાયના તાજા યુદ્ધવિરામની હાકલ છતાં, ઈઝરાયેલે ગાઝા પર બોમ્બમારો શરૂ કર્યો છે. હમાસના અધિકારીઓના જણાવ્યા અનુસાર હુમલામાં ઓછામાં ઓછા ૧૭૮ લોકો માર્યા ગયા છે.

આ ઉપરાંત પાંચ બંધકોને પણ મૃત જાહેર કરવામાં આવ્યા છે. હુમલાના કારણે ગાઝાના આકાશમાં ધુમાડાના વાદળો છવાઈ ગયા છે. ઈઝરાયેલે હુમલો શરૂ કર્યા બાદ ગાઝા તરફથી ઈઝરાયેલ પર રોકેટ પણ છોડવામાં આવ્યા છે.

પેલેસ્ટિનિયન હમાસ જૂથ દ્વારા સંચાલિત ગાઝામાં આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે શુક્રવારે વહેલી સવારે યુદ્ધવિરામ સમાપ્ત થયો ત્યારથી ગાઝામાં ઓછામાં ઓછા ૧૭૮ લોકો માર્યા ગયા છે.

મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફ્લોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND
ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

"2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ"
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જૂનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોકત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ " P.U.C." માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી
૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે
ફાયદા :
(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..
(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.
(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..
(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુ:ખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..
નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે
:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ
૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-
ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે
આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી
સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

હાર્દિક શુભેચ્છા...
રાજુભાઈ મો. ૯૮૭૯૫ ૭૪૬૬૬
વિવેક મો. ૯૮૨૪૬ ૭૪૬૬૬
ક્રિષ્ના
સિમેન્ટ પ્રોડક્ટ & સેનેટરી વેર્સ
ધોરાજી રોડ, જકાત નાકા પાસે, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૬૧૯૯૯

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ–કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન
ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૨૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

# ગિરનાર લીલી પરિક્રમાના રૂટ ઉપર વન વિભાગ દ્વારા સફાઈ ઝુંબેશ

## શ્રમિકો અને સ્થાનિકોના સહયોગથી ૧.૫ ટન કચરાનો નિકાલ કરાયો




જૂનાગઢ તા.૨

ગિરનાર લીલી પરિક્રમાના રૂટના બોરદેવી ગેઈટથી ખોડીયાર ઘોડી સુધીના વિસ્તારમાં વન વિભાગના ૨૦ જેટલા શ્રમિકોને દ્વારા સફાઈ હાથ ધરવામાં આવી હતી. જેમાં અંદાજિત ૧ ટન જેટલો કચરો એકઠો કરવામાં આવ્યો હતો. તેમજ પરીક્ષેત્ર વન અધિકારીશ્રી, ડુંગર ઉત્તર પરીક્ષેત્ર, જૂનાગઢએ તેમના કાર્યવિસ્તારમાં પાટવડ રાઉન્ડમાં આવતા હથેળીથી સરકડીયા પરિક્રમા રૂટ ખાતે વન વિભાગના સ્ટાફ અને મેંદાપરા તથા માલીડા ગામના ૧૪ જેટલા ગ્રામજનોએ સફાઈની કામગીરી કરી અંદાજિત ૦.૫ ટન ગિરનાર જંગલ વિસ્તારમાંથી પ્લાસ્ટિક તથા કચરો એકઠો કરવાની કામગીરી ચાલુ છે. આમ, વન વિભાગના સ્ટાફ, શ્રમિકો, આસપાસના ગામ લોકો સાથે મળી અંદાજિત ૧.૫ ટન જેટલો પ્લાસ્ટિક અને કચરો એકઠો કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો. જૂનાગઢ વન વિભાગ તળેના ગિરનાર અભયારણ્ય જંગલ વિસ્તારમાં ચાલુ વર્ષે ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૩ અંતર્ગત પરિક્રમામાં દરમ્યાન પરિક્રમા રૂટના જંગલ વિસ્તારમાં પ્લાસ્ટિક તથા કચરાના નિકાલ માટે કલેકટર અનિલકુમાર રાણાવસિયા અને નાયબ વન સંરક્ષક અક્ષય જોશીની સુચના અને માર્ગદર્શન હેઠળ સફાઈ કરવામાં આવી રહી છે.

# જૂનાગઢ એસટી ડેપો દ્વારા દિવાળીના તહેવાર, પરીક્રમાના મેળામાં ૫૫૧ વાહનો સાથે ૫૩૫૬ એક્સ્ટ્રા ટ્રીપ કરી

## જૂનાગઢ એસટીને રૂા.૭૮૯૪૨૦૦ની વધારાની આવક થઈ

જૂનાગઢ, તા.૨

એસ.ટી. જૂનાગઢ વિભાગના જૂનાગઢ ડેપો દ્વારા તાજેતરમાં પૂર્ણ થયેલ દિવાળી તહેવારો તથા ગીરનારની લીલી પરીક્રમા દરમ્યાન ખુબજ સુંદર આયોજન સાથે મુસાફરોની સુખાકારી માટે બસોનું એક્ષ્ટ્રા સંચાલન કરી મુસાફર જનતાને પરીવહન માટે ખુબજ સારી સગવડતા પુરી પાડવામાં આવેલ. દિવાળીના તહેવારો દરમ્યાન જૂનાગઢ ડેપો દ્વારા ૮૯ વાહનો સાથે કૂલ ૨૦૦ એક્ષ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવેલ જેનો કૂલ ૮૭૯૮ મુસાફરો દ્વારા લાભ લેવામાં આવેલ અને એસ.ટી. નિગમના જૂનાગઢ ડેપોને વધારાની રૂા. ૧૨૪૮૫૦૨/- આવક મળવા પામેલ. તેમજ ગીરનારની લીલી પરીકમ્મા દરમ્યાન જૂનાગઢ ડેપો દ્વારા જૂનાગઢથી ભવનાથ આવવા- જવા માટે તેમજ અન્ય શહેરોમાં આવવા જવા માટે કૂલ ૪૬૨ વાહનો સાથે કૂલ ૫૧૫૬ એક્ષ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવેલ જેનો કૂલ ૧૭૭૯૮૭ મુસાફરો દ્વારા લાભ લેવામાં આવેલ અને એસ.ટી. નિગમના જૂનાગઢ ડેપોને વધારાની રૂા.૬૬૪૫૬૯૮/- આવક મળવા પામેલ. આમ, બન્ને તહેવારો મળી જૂનાગઢ ડેપો દ્વારા કૂલ ૫૫૧ વાહનો સાથે કૂલ ૫૩૫૬ એક્ષ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવેલ જેનો કૂલ ૧૮૬૭૮૫ મુસાફરો દ્વારા લાભ લેવામાં આવેલ અને એસ.ટી. નિગમના જૂનાગઢ ડેપોને વધારાની રૂા.૭૮૯૪૨૦૦/- આવક મળવા પામેલ. જે ગત વર્ષની આવક રૂા. ૬૪૩૬૯૮૭/- સામે ચાલુ વર્ષે રૂા.૧૪૫૭૨૧૩/- વધારે મળવા પામેલ છે. વિભાગીય નિયામક શ્રીમાળીના માર્ગદર્શન તળે જૂનાગઢ ડેપો દ્વારા મુસાફરોની સુખાકારી માટે બસોનું એક્ષ્ટ્રા સંચાલન કરી મુસાફર જનતાને પરીવહન માટે ખુબજ સારી સગવળતા પુરી પાડવામાં આવેલ. તેમ જૂનાગઢ ડેપોના ડેપો મેનેજર વિ.એમ. મકવાણા દ્વારા એક યાદીમાં જણાવેલ છે.




### સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા સમાજ ઉત્કર્ષનું વધુ એક પગલું

# જૂનાગઢમાં સિન્ધી સમાજમાં દ્વિતીય સમુહ લગ્નનું આયોજન

**પેટા : સિન્ધુ વિવાહ સમુહ લગ્ન જૂનાગઢના ગિરનાર તિર્થક્ષેત્રે પ્રકૃતિધામમાં સંતો અને સમાજ શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિમાં યોજાશે : પરીવારની દિકરીની જેમ સમાજની દિકરીઓના સમુહ લગ્ન ધામધુમથી કરાવાશે**

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ સહિત સમગ્ર રાજ્યમાં પ્રત્યેક જ્ઞાતિજનો પોત પોતાના સમાજના દિકરા-દિકરીઓના સમૂહ લગ્ન યોજતા હોય છે પરંતુ જૂનાગઢમાં સિન્ધી સમાજ માટે દ્વિતિય સમૂહ લગ્નનું આ જ્ઞાતિ ઉત્કર્ષ સમુ પગલુ ભરવા સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશને બીડૂ ઝડપ્યું છે જેમાં સિન્ધી સમાજની દિકરીઓને સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન તરફથી આશિર્વાદ રૂપે કરિયાવર આપવામાં આવશે. આગામી તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શનિવારના રોજ જૂનાગઢ 'સિન્ધુ વિવાહ' સમૂહ લગ્ન ગિરનાર તિર્થક્ષેત્રે ભવનાથમાં પ્રકૃતિધામમાં યોજવાનું સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા આયોજન કરાયું છે. આ સમૂહ લગ્નમાં લાભ લેવા ઈચ્છતા પરિવારજનોએ આગામી તા.૩૧ ડિસેમ્બર, ૨૦૨૩ સુધીમાં સિન્ધુ ક્રેડિટ કો.ઓપરેટિવ સોસાયટી, ૧, ગુરૂકુળ કોમ્પ્લેક્સ, કોલેજ રોડ, જૂનાગઢ ખાતે આ માટેના ફોર્મ ભરીને પહોંચાડી દેવાના રહેશે. આ ઉપરાંત સિન્ધુ વિવાહ સમૂહ લગ્નની વધુ માહિતી મો.૭૪૩૩૦ ૨૧૬૦૦ ઉપરથી મેળવી શકાશે. ફાઉન્ડેશનના પ્રમુખ સુનિલ નાવાણીના જણાવ્યા પ્રમાણે સિન્ધુ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા પરિવારની દિકરીની જેમ સમાજની દિકરીઓના સમૂહ લગ્ન ધામધૂમથી કરવા માટેની તૈયારીઓ આરંભી દીધી છે જૂનાગઢમાં યોજાનારા આ ''સિન્ધુ વિવાહ''માં જોડાનારા યુવક-યુવતિઓ સિન્ધી સમાજમાંથી જ હોવા જોઈએ અને તેમણે લગ્ન પહેલા બન્ને પાત્રોનો થેલેસેમીયા ટેસ્ટ કરાવવો ફરજીયાત રહેશે. આ 'સિન્ધુ વિવાહ' સમૂહ લગ્નમાં દેશમાં કોઈપણ ખૂણેથી દંપતીઓ જોડાઈ શકે છે. આ સિન્ધુ વિવાહ સમૂહ લગ્નમાં સંતો-મહંતો, સમાજશ્રેષ્ઠીઓ તેમજ મહાનુભાવો નવદંપતિઓને આશિર્વાદ દેવા પધારશે.

### બેન્કીંગ ફાઈનાન્સ અને ઈન્શયોરન્સ ક્ષેત્રે

# વિદ્યાર્થીઓના શિક્ષણને સજજ બનાવવા નોબલ યુનિવર્સિટી દ્વારા બજાજ ફિનસર્વ કંપની સાથે એમઓયુ કરાર કરાયો

જૂનાગઢ, તા.૨

જૂનાગઢમાં ભેંસાણ રોડ સ્થિત નોબલ યુનિવર્સિટી દ્વારા એક અગ્રણી નાણાકીય સેવા કંપની, બજાજ ફિનસર્વ સાથે એમઓયુ કરારની જાહેરાત કરી છે અને આ જોડાણ અન્વયે હસ્તાક્ષર કર્યા છે. આ સહયોગનો હેતુ વિદ્યાર્થીઓને બેંકિંગ, ફાઈનાન્સ અને વીમા ક્ષેત્રોમાં સમૃદ્ધ શૈક્ષણિક અનુભવ પ્રદાન કરવાનો છે.



આ ભાગીદારી હેઠળ, નોબલ યુનિવર્સિટી અને બજાજ ફિનસર્વ સંયુકતપણે એક સર્ટિફિકેટ પ્રોગ્રામ વિકસાવશે જે વિદ્યાર્થીઓને નાણાકીય ક્ષેત્રમાં સફળ કારકિર્દી માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોથી સજ્જ કરે. આ સર્ટિફિકેટ પ્રોગ્રામ બેન્કીંગ ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ, રિસ્ક મૂલ્યાંકન, ઈન્શ્યોરન્સ વગેરે ફાઈનન્શિયલ વિષયોની વ્યાપક શ્રેણીને આવરી લેશે. જે નોબલ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને તેના ભવિષ્યની કારકિર્દી ઘડતરમાં ખૂબ જ ઉપયોગી થશે.

આ સર્ટિફિકેટ પ્રોગ્રામમાં બજાજ ફિનસર્વના નિષ્ણાંતો દ્વારા આયોજિત ગેસ્ટ લેક્ચર્સ, વર્કશોપ્સ અને હેન્ડ-ઓન તાલીમ સેશન્સ દર્શાવવામાં આવશે, જે વિદ્યાર્થીઓને તેમના શિક્ષણમાં તેમજ ભાવિ કેરિયરમાં મૂલ્યવાન સાબિત થશે, જે ગ્રેજયુએશન પછી તેમની રોજગાર ક્ષમતામાં પણ વધારો કરશે. આ સંદર્ભે નોબલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર અને ડીન ડો.જય તલાટીએ જણાવ્યું હતું કે, ''અમે બજાજ ફિનસર્વ સાથેના આ જોડાણથી ઉત્સાહિત છીએ, કેમકે તે અમારા વિદ્યાર્થીઓને બેંકિંગ, ફાઈનાન્સ અને ઈન્સ્યુરન્સના ગતિશીલ ક્ષેત્રોમાં એક અનન્ય અને વ્યવહારુ જ્ઞાન શીખવાની તક પ્રદાન કરવા સક્ષમ બનાવે છે તથા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં શ્રેષ્ઠ બનાવવા અને નાણાકીય ઉદ્યોગમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે જરૂરી સાધનો પ્રદાન કરવાની નોબલ યુનિવર્સિટી ની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે." આ એમઓયુ કરાર બાબત તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૩ના રોજ નોબલ યુનિવર્સિટી ખાતે બજાજ ફિનસર્વ ના સિનિયર લીડ CSR રાજા ડિક્રુઝ અને પ્રોજેક્ટ મેનેજર કેતન ચક્રનારાયણ હાજર રહ્યા હતા. આ તકે નોબલ યુનિવર્સિટીના પ્રમુખ નીલેશ ધૂલેશિયા બજાજ ફિનસર્વ અને નોબલ યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા હતા જે નોબલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડો. જય તલાટીની યાદીમાં જણાવેલ છે.

# એચડીએફસી બેંકએ પાટણમાં ગ્રામીણ લોન મેળાનું આયોજન કર્યું

(પ્રતિનિધિ દ્વારા)


અમદાવાદ, તા.૨

ખાનગી ક્ષેત્રની ભારતની અગ્રણી બેંક એચડીએફસી બેંકએ જાહેરાત કરી હતી કે તેણે પાટણ ખાતે ગ્રામીણ લોન મેળાનું આયોજન કર્યું હતું. આ મેળામાં લગભગ ૬,૫૦૦ લોકો હાજર રહ્યાં હતાં, જેનો ઉદ્દેશ્ય ઉત્તર ગુજરાતમાં આવેલા પાટણઅને તેની આસપાસના વિસ્તારોમાં વસતાં લોકોને ગ્રામીણ ધિરાણની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો હતો. નાના અને સીમાંત ખેડૂતો, વેપારીઓ, કમિશન એજન્ટો, નાના દુકાનદારો, ટ્રાન્સપોર્ટ વ્હિકલના ગ્રાહકો, ઈન્ફ્રાસ્ટ્રકચર વ્હિકલના ગ્રાહકો અને ટ્રેકટરના ગ્રાહકોએ આ મેળામાં ભાગ લીધો હતો.

એચડીએફસી બેંકના કોમર્શિયલ અને રૂરલ બેંકિંગના ગ્રૂપ હેડ રાહુલ શ્યામ શુકલાએ જણાવ્યું હતું કે, 'એચડીએફસી બેંક સમગ્ર ભારતના ગ્રામ્ય બજારોમાં લોકો સુધી પહોંચીને શહેરો અને ગામડાંઓ વચ્ચે રહેલા અંતરને દૂર કરવા માટે કટિબદ્ધ છે. અમારું માનવું છે કે, પાટણમાં યોજવામાં આવેલો લોન મેળો ગુજરાતમાં ધિરાણની અપૂરતી સેવાઓ પ્રાપ્ત કરનારા ગ્રાહકોના વર્ગ સુધી પહોંચવામાં અમને મદદરૂપ થશે.વધુમાં, અમારો ઉદ્દેશ્ય રોજગારી પેદા કરવાનો અને નાના સ્થાનિક વેપારીઓને સરળતાથી ધિરાણ પૂરૂ પાડીને વેપારને સમર્થન પુરૂ પાડવાનોછે. ગ્રાહકો સરળતાથી ધિરાણ મેળવવા માટે અમારા લોનના ઉત્પાદનો અને સેવાઓની વ્યાપક રેન્જમાંથી પસંદ કરી શકે છે.'

ગુજરાતમાં આવેલા બેંકનાં વિતરણ નેટવર્કમાં ૨૭૪ શહેરોમાં ફેલાયેલી ૬૦૪ શાખાઓનો સમાવેશ થાય છે, જેને ૪૭૬ યુનિટના બિઝનેસ કોરેસ્પોન્ડેન્ટ્સ નેટવર્કનું સમર્થન પ્રાપ્ત છે. તાજેતરના સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી રીપોર્ટ મુજબ, એચડીએફસી બેંક ગુજરાતમાં એમએસએમઈને લોન પૂરી પાડનારી ટોચની બેંક છે અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૩ સુધીમાં તેની ખાતાવહીનું કુલ કદ રૂા. ૫૧,૩૨૨ કરોડ હતું. એચડીએફસી બેંક દેશના ૩૩ જિલ્લાઓમાં એસએમઈને ધિરાણ પૂરૂ પાડે છે અને તે ભારતના બે લાખથી વધારે ગામોમાં કૃષિ ધિરાણ પુરં પાડવાની દિશામાં પણ કામ કરી રહી છે. આ વર્ષની શરૂઆતમાં બેંકે ઉત્તર પ્રદેશના અયોધ્યા અને ઝાંસી, પશ્ચિમ બંગાળના બર્દવાન, આંધ્ર પ્રદેશના એલુરૂ, કર્ણાટકના કાલબુર્ગી અને તામિલનાડુના ત્રિચી ખાતે ગ્રામીણ લોન મેળાઓનું આયોજન કર્યું હતું.

# પોરબંદર ખાતે યોજાનાર ક્રિકેટ ટુર્નામેન્ટમાં જૂનાગઢનાં ખેલાડીઓ ભાગ લેશે



જૂનાગઢ, તા.૨

જીલ્લા પંચાયત સ્પોર્ટસ ક્લબ ગાંભીચોક જૂનાગઢનાં માજી રમત ગમત અને સાંસ્કૃતિક કાર્યક્રમના ડિરેક્ટર અને જીલ્લા પંચાયત સ્પોર્ટસ ક્લબ જૂનાગઢના ચીફ ક્રિકેટ કોચ હનીફભાઈ કુરેશી ક્રિકેટ અને એથ્લેટિક્સના ભાઈઓ અને બહેનોને શ્રેષ્ઠ કોચિંગ દ્વારા ડીસ્ટ્રીકટ, યુનિવર્સીટી, રાજ્ય તથા ઈન્ડિયા લેવલે ખેલાડીઓએ ભાગ લઈ ગોલ્ડ મેડલ પણ મેળવેલ છે. તા.૩/૧૨/૨૦૨૩ના રોજ જૂનાગઢ ડીસ્ટ્રીકટ ક્રિકેટ ટીમ અન્ડર ૧૪ની પોરબંદર મુકામે ક્રિકેટ ટુર્નામેન્ટ રમવા જશે જેમાં કુરેશીભાઈ ક્રિકેટ કેમ્પના ઓહમ કારિયા, સોહમ કારિયા અન્ડર ૧૪ ક્રિકેટ ટીમમાં તથા અન્ડર ૧૬માં ઓમ કારિયાની પસંદગી તથા ખેલાડીઓ તથા કોચ કુરેશીભાઈ પણ અભિનંદનની વર્ષા કરવામાં આવેલ છે. આ તકે જીલ્લા પંચાયત સ્પોર્ટસ ક્લબના પ્રમુખ અતુલભાઈ વ્યાસ, મંત્રી નાથુભાઈ ઠાકર, ખજાનચી અલ્તાફભાઈ સીડા દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# મેંદરડા નાયબ કલેકટર કચેરીમાં ફરજ બજાવતા વિજયભાઈ પરમાર નિવૃત થતા વિદાય માન અપાયું



જૂનાગઢ, તા.૨

મેંદરડાં નાયબ કલેકટર કચેરીમાં ફરજ બજાવતા વિજયભાઈ પરમાર નિવૃત થતા વિદાય સન્માન કરવામાં આવ્યુ હતું. મેંદરદા નાયબ કલેકટર નિસાબા ચુડાસમાના અધ્યક્ષસ્થાને વિદાય સમારંભ યોજવામાં આવેલ મેંદરડા પ્રાંત કચેરીમાં નાયબ મામલતદાર વિજયભાઈ પરમાર વયમર્યાદા પુરી થતા તા.૩૦/૧૧/૨૦૨૩થી નિવૃત થતા વિદાય સન્માન સમારંભ રાખવામાં આવેલ આ તકે નાયબ કલેકટર નિસાબાએ પુષ્પગુચ્છ તેમજ ગીફટ અને શાલ ઓઢાડી પોતાના શબ્દોમાં સન્માનીત કરેલ પ્રમાણિક નિષ્ઠાવાન તરીકે ફરજ બજાવતા નાયબ મામલતદાર વિજયભાઈ પરમારની સરાહનીય કામગીરીને બીરદાવતા જણાવેલ કે અન્ય કર્મચારીઓએ પણ આમાથી શીખ લેવાની જરૂર છે.

આ તકે મેંદરડા મામલતદાર ડોડીયાએ પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સન્માન કરેલ તેમજ પી.એસ.આઈ. કે. વી. પરમાર અને સબરજિસ્ટાર સંજયભાઈ. વી. પરમાર દ્વારા પુષ્પગુચ્છ તથા ગીફટ અને શાલ ઓઢાડી સન્માન કરેલ. મેંદરડા તાલુકા પંચાયત સા. ન્યાય સમીતીના પુર્વ ચેરમેન ભીખુભાઈ વાઘેલા, મોનભાઈ મુછડીયા, કેશુભાઈ ડાભી, મોહનભાઈ વાળા, જસાભાઈ ડાભી સહિતના આગેવાનો દ્વારા ક્ષીફળ, સાકરનો પળો, ફુલહાર તેમજ શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવેલ, ભીખુભાઈ વાઘેલાએ નાયબ મામલતદાર એક સાચા કર્મનીષ્ટ તેમજ આમ જનતાને ઉપયોગી બની સતત પ્રયત્નાશીલ રહી લોકોમાં સારીએવી ચાહના મેળવેલ છે. આ કાર્યક્રમમાં શિરીસ્તેદાર વિપુલભાઈ સોલંકી તેમજ કર્મચારીગણ, મિત્રો બહોળી સંખ્યામાં હાજર રહેમ. આ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધી નાયબ મામલતદાર બાખલખીયા દ્વારા કરવામાં આવેલ તેમ ભીખુભાઈ વાઘેલાની યાદીમાં જણાવેલ છે.

# કેન્દ્રીય વિદ્યાલય ONGC દ્વારા વાર્ષિક રમત-ગમત દિવસ ઉજવાયો



અમદાવાદ, તા.૨

કેન્દ્રીય વિદ્યાલય ઓએનજીસી કેમ્બેએ ૨૯મી નવેમ્બર ૨૦૨૩ ના રોજ તેનો વાર્ષિક રમતગમત દિવસ ઉજવ્યો. કાર્યક્રમના મુખ્ય મહેમાન ઈડી એસેટ મેનેજર શ્રી શાંતિ સ્વરૂપ શર્મા હતા. અતિથિ વિશેષ રીટા શર્મા કેમ્બે એસેટના પ્રથમ મહિલા અને ઓઓએમએસના ચેરપર્સન હતા. મુખ્ય મહેમાન દ્વારા મશાલની જ્યોત પ્રગટાવીને મીટની શરૂઆત જાહેર કરવામાં આવી હતી અને શાળાના સ્પોર્ટ્સ ચેમ્પિયન દ્વારા મશાલ રાખવામાં આવી હતી. અગ્રણી ઘરની ટ્રોફી રેડ હાઉસમાં ગઈ. આ ઈવેન્ટ દરમિયાન ૧૦૦એમ, ૨૦૦એમ, ૪૦૦એમ રેસ અને અન્ય ઘણી ઈવેન્ટ્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતો. શાળાના આચાર્ય વિષ્ણુભાઈ રાવલે તેમના સ્વાગત પ્રવચનમાં વાર્ષિક રમતગમત અહેવાલ રજૂ કર્યો અને આપણા રોજિંદા જીવનમાં રમતગમતના મહત્વ ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# દુનિયાનાં વધતા તાપમાનનું સૌથી મોટું કારણ કાર્બન ઉત્સર્જન છે

દુનિયાના વધતા તાપમાનનું સૌથી મોટું કારણ કાર્બન ઉત્સર્જન છે. આ ઉત્સર્જન માત્ર કાર્બન ડાયોક્સાઈડથી જ નહીં, બલ્કે મિથેન સાથે પણ જોડાયેલો છે. વર્ષ ૨૦૨૨ના આંકડા અનુસાર, સૌથી વધુ કાર્બન ઉત્સર્જન (લગભગ ૩૬.૮ બિલિયન ટન) આ જ વર્ષે થયું. આ ઉત્સર્જન પાછલા સ્તરોની તુલનામાં લગભગ ૦.૯ ટકા વધારે હતું. કાર્બન ઉત્સર્જનના લગભગ ત્રણ ચતુર્થાંશ માત્રામાં આપણા દ્વારા સતત ઉપયોગ કરાઈ રહેલ વિભિન્ન પ્રકારના ગેસ સામેલ છે. એને જ બધાનું કારક માનવામાં આવે છે. જેને કારણે સૌથી વધુ કાર્બન પ્રદૂષણ થઈ રહ્યું છે અને એ સ્વાભાવિક પણ છે. કારણ કે દુનિયાભરમાં ગાડીઓની સંખ્યા જે રીતે વધી રહી છે, તે સીધી રીતે ડીઝલ પેટ્રોલ પર જ નિર્ભર છે, એવામાં એ પરિવહન પ્રદૂષણનું પણ એક મોટું કારણ છે.


બીજું એ કે વીજળીની નિરંતરતાના અભાવમાં હવે ડીઝલ અને ઈલેક્ટ્રીકલ એન્જિન, જે મોટી મોટી કોલોનીઓને ફીડ કરે છે, કે પાણીના પંપ જે કેટલાય માળ સુધી પાણી ચડાવે છે, આ બધામાં પણ તેલનો જ ઉપયોગ થઈ રહ્યો છે. તેલનો ઉપયોગ માત્ર અહીં સુધી જ સીમિત નથી, બલ્કે આશ્ચર્યની વાત છે કે તેનું એક મુખ્ય કારણ દુનિયાભરમાં થઈ રહેલ આપણી હવાઈ યાત્રા પણ છે. આખી દુનિયામાં અડધું તેલ આ હવાઈ યાત્રાઓમાં ખપી જાય છે. એ વાત પણ ધ્યાન આપવા જેવી છે કે છેલ્લા કેટલાક સમયથી એશિયાની અંદર જે રીતે સતત વિકાસ થયો છે, તેને કારણે કાર્બન ઉત્સર્જનમાં ૪.૨ ટકા હિસ્સો ઉમેરાઈ ગયો છે, જે એ વાત તરફ ઈશારો કરે છે કે દુનિયામાં આપણી વિકાસની પ્રાથમિકતાઓ ભલે કેટલીય હશે, પરંતુ ઉદ્યોગોનું તેમાં મોટું યોગદાન છે, જેના દ્વારા થનાર કાર્બન ઉત્સર્જનનો પ્રભાવ વ્યાપક રીતે વેઠવો પડી રહ્યો છે. દુનિયામાં સૌથી વધુ ઉત્સર્જન ચીન કરેછે, તે લગભગ ૨૭ ટકા કાર્બન ઉત્સર્જનનું કારણ બનેલું છે. ત્યારબાદ અમેરિકાનું સ્થાન છે, જે ૧૫ ટકા ઉત્સર્જન કરે છે. હવે તો ભારત પણ પાછળ નથી, ઉત્સર્જનમાં તે ત્રીજા સ્થાન પર આવે છે. તેના કાર્બન ઉત્સર્જનની ટકાવારી સાતથી આઠ છે.

આ બધા ઉપરાંત જે કારણ છે, તે આશ્ચર્યચકિત કરનારું છે. જ્યારથી દુનિયાએ ડિજિટલ વર્લ્ડમાં પ્રવેશ કર્યો છે, ત્યારથી કાર્બન ઉત્સર્જનનું એક નવું અને મોટું પાસું પણ જોડાઈ ગયું છે. દુનિયાનો કોઈ એવો ખૂણો નથી બચ્યો જ્યાં આજે ઈન્ટરનેટ મોબાઈલ, વોટ્સએપ, ફેસબુક, ઈમેલનો ઉપયોગ ન થતો હોય. એક શોધથી એ વાત સામે આવી છે કે એક ઈમેલ જ ૧૫.૯ ગ્રામ ગેસનું ઉત્સર્જન કરે છે. આ છે તો આશ્ચર્યની વાત, પરંતુ આ એક મોટું સત્ય પણ છે. એક ઈકોલોજિકલ રિપોર્ટ અનુસાર એક વ્યક્તિ પ્રતિ વર્ષ લગભગ ૧૩૬ કિલોગ્રામની બરાબરી જેટલા ઈમેલ મોકલે છે. એક મેલથી ૧૫ ગ્રામ ગેસ ઉત્સર્જન થાય છે, તેના આધાર પર એ આંકડો તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રકારે, એક વર્ષમાં જેટલા મેલ હોય છે, તેનાથી ગેસથી ચાલનારી એક કાર લગભગ ૨૦૦ માઈલ ચાલી શકે છે. બ્રિટનમાં થયેલ એક અધ્યયનમાં જોવા મળ્યું છે કે એક વ્યક્તિ જો એક દિવસમાં એક મેલ પણ ઓછો કરે તો તે વર્ષભરમાં ૧૬,૪૩૩ ગ્રામ કાર્બન ઉત્સર્જન ઘટાડી શકે છે. જે લંડનથી મેડ્રિડ ફ્લાઈટમાં ઉત્પન્ન કાર્બન ઉત્સર્જન જેટલું છે. એ જ રીતે , મેલના માધ્યમથી જે ચેટ આપણે કરીએ છીએ, હંમેશાં તેમાં ચાર ગ્રામ કાર્બન ઉત્સર્જન થાય છે. ઠીક એ જ રીતે, એક સ્પામ મેલથી ૦.૩ ગ્રામ જેટલું ઉત્સર્જન થાય છે. મેલમાં મોકલાતા એટેચમેન્ટ વગેરેથી તો ૫૦ ગ્રામ કાર્બન ઉત્સર્જિન થાય છે. એક આંકડા અનુસાર , એક વ્યક્તિ જે ૧૨૬ ઈમેલ મોકલે છે અને તેમાં ૫૦ ટકા મેલ જ્યારે એટેચમેન્ટ સાથે હોય છે, તો ઉત્સર્જનની માત્રા ૮૨૫ ગ્રામ પ્રતિદિન થઈ જાય છે.

અહીં એ વાતનું પણ અધ્યયન કરવામાં આવ્યું કે બ્રિટન અને ભારતમાં કોઈપણ કાર્ય દિવસમાં ડિજિટલ માધ્યમોથી લગભગ ૧૮૪ કિલોગ્રામ ગેસનું ઉત્સર્જન થાય છે. એટલું જ નહીં, ટાંઝાનિયા જેવા નાનકડા દેશમાં પણ એક વ્યક્તિ ૧૮૪ કિલોગ્રામ પ્રતિવર્ષ કાર્બન ઉત્સર્જન કરે છે, જેમાં તે વિભિન્ન પ્રકારની ઊર્જાનો ઉપયોગ કરે છે. જો આ આંકડા પર વિશ્વાસ કરીએ તો આપણે બધાએ એ માની લેવું જોઈએ કે જ્યારે આપણે ૨૦૨૨માં ૩૮.૬ બિલિયન ટન કાર્બન ઉત્સર્જન કર્યું છે, તો ભવિષ્યમાં જ્યારે ડિજિટલ વર્લ્ડ આપણી પાસે એક મોટા ટૂલ રૂપે ઉપલબ્ધ હશે ત્યારે કાર્બન ઉત્સર્જનના એક બહુ મોટા હિસ્સાની પાછળ એ જ કારણ જવાબદાર હશે અને તે આપણને એક મોટા સંકટ તરફ ધકેલી દેશે.

તમે ડિજિટલ વર્લ્ડમાં જઈને જે કંઈ પણ કરો, કોઈપણ રૂપમાં કનેક્ટ થાવ, પરંતુ એ સત્ય છે કે આપણે સતત પ્રકૃતિથી ડિસ્કનેક્ટ થતા જઈએ છીએ. કારણ કે દરેક ગતિવિધિની એક સીમા છે અને આ સીમાને આપણે સ્પર્શી ચૂક્યા છીએ, જેને પાર ન કરવી આજની સૌથી મોટી જરૂરિયાત છે. હવામાનનો પ્રકોપ આજે એ તરફ જ ઈશારો કરી રહ્યો છે. આપણે ડિજિટલ દુનિયા સાથે તો જોડાઈ ચૂક્યા છીએ, પરંતુ તેની સાથે જોડાયેલી આપદાઓ પ્રત્યે આંખો મીંચી રાખીએ છીએ. જો આપણે આજે નહીં સમજીએ તો પછી આંખો ખોલવાનો અવસર પણ નહીં મળે.

# ડિસેમ્બરમાં વધુ એક વાવાઝોડું આવશે : અંબાલાલ પટેલ



અમદાવાદ,તા.૨

૨૦૨૩ નું વર્ષ માવઠું અને વાવાઝોડાના નામે રહ્યું. સતત આખુ વર્ષ કમોસમી વરસાદ અને માવઠાએ લોકોના જીવ ઉંચાનીચા કર્યા. જોકે, ડિસેમ્બરના અંત સુધીમાં પણ વાવાઝોડું પીછો છોડવાનું નામ નથી લઈ રહ્યું. ૨૦૨૩ માં જતા જતા પણ વાવાઝોડું લોકોને હેરાન પરેશાન કરી રહ્યું છે. ત્યારે વધુ એક વાવાઝોડાનું સંકટ ઉભુ થયું છે. જોકે, આ વાવાઝોડું ગુજરાતને કેવી રીતે અસર કરશે તે નવી આગાહીમાં જોઈએ. મુસિબત આટલાથી અટકતી નથી. દક્ષિણ ભારત પર ચક્રવાતનું જોખમ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગનું માનીએ તો દક્ષિણ પૂર્વ બંગાળની ખાડી અને દક્ષિણ આંદમાન સાગર પર લો પ્રેશરના ક્ષેત્રનું નિર્માણ થઈ રહ્યું છે, જેના કારણે પહેલી ડિસેમ્બર સુધી દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીની ઉપર ચક્રવાત મિચાંગનું નિર્માણ થશે. આ ચક્રવાતને કારણે ૪ ડિસેમ્બર સુધી આંધ્ર પ્રદેશ, કેરળ અને પુડુચ્ચેરી સહિતના દક્ષિણના પ્રદેશોમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી છે. ચક્રવાત તમિલનાડુની સ્થિતિ વધુ બગાડી શકે છે. એટલે કે દક્ષિણ ભારત માટે આગામી કેટલાક દિવસો ભારે છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે આગાહી કરતા જણાવ્યું કે, ૨થી ૪ ડિસેમ્બરમાં બંગાળના ઉપસાગરમાં ભારે ચક્રવાત થશે. ૮ ડિસેમ્બર સુધી ચક્રવાતનું જોર રહેશે. ચક્રવાતનાં કારણે દક્ષિણ- પૂર્વિય ભાગોમાં વરસાદ થશે. ભેજવાળા પવનો પશ્ચિમી વિક્ષેપો સાથે મર્જ થશે. વાદળવાયુ વાતાવરણ અને વરસાદ થશે. ભારે પવન અને કરા સાથે વરસાદ થઈ શકે છે. ઉત્તરના પર્વતીય પ્રદેશમાં ભારે હિમવર્ષા થશે. આ ટ્રફના કારણે ગુજરાતમાં પહેલીથી પાંચ ડિસેમ્બર સુધી ગુજરાતના હવામાનમાં પલટો આવશે અને અનેક જગ્યાએ માવઠાની પણ શક્યતાઓ છે. પહેલી ડિસેમ્બરના રોજ રાજ્યાના હવામાનમાં બદલાવ આવવાનું ચાલું થશે. જેથી મધ્ય અને દક્ષિણ ગુજરાતના ભાગોમાં વાદળછાયું વાતાવરણ રહેશે. પરેશ ગોસ્વામીએ જણાવ્યુ છે કે, બેથી ચાર ડિસેમ્બર સુધીમાં રાજ્યમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાં જોવા મળશે. આ સાથે પાંચમી ડિસેમ્બરથી રાજ્યનું હવામાન ફરીથી ખુલ્લું થઈ જશે. હવામાન નિષ્ણાતના જણાવ્યા પ્રમાણે, બેથી ચાર ડિસેમ્બરના રોજ જ્યાં માવઠાની શક્યતા છે. જેમાં મધ્ય, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના ભાગોનો સમાવેશ થાય છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ વધુ એક માવઠાની આગાહી કરી છે. જેમાં ડિસેમ્બર મહિનાના પહેલા અઠવાડિયામાં ત્રણ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સાથે રાજ્યમાં વાદળછાયું વાતાવરણ રહેશે તેમ પણ જણાવ્યું છે. તેમણે જણાવ્યુ છે કે, રાજ્યમાં વધુ એક માવઠાની શક્યતા છે. દક્ષિણ ભારતમાં ઈશાનનું ચોમાસું ચાલી રહ્યુ છે અને બંગાળની ખાડીમાં વારંવાર અસ્થિરતા થઈ રહી છે. જેના કારણે વરસાદની સિસ્ટમ બની છે. આ સિસ્ટમથી દક્ષિણ ભારતમાં ભારે વરસાદની શક્યતાઓ છે. જેનો ટ્રોફ ગુજરાત સુધી લંબાઈ રહ્યા છે. ઉત્તર ભારતમાં જ્યાં શિયાળો જામી ગયો છે, ત્યાં દક્ષિણ ભારતના કેટલાક ભાગો ભારે વરસાદનો સામનો કરી રહ્યા છે. તમિલનાડુમાં સાર્વત્રિક વચ્ચે ચેન્નાઈમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત થઈ રહેલા વરસાદને કારણે શહેર પાણીને હવાલે છે. તમિલનાડુ અત્યારે ભારે વરસાદનો સામનો કરી રહ્યું છે. એક સપ્તાહ પહેલાં શરૂ થયેલો વરસાદ હજુ અટકવાનું નામ નથી લેતો. તેનું જ કારણ છે કે રસ્તા પાણીમાં ડૂબેલા છે. રહેણાંક વિસ્તારો તળાવમાં ફેરવાઈ ગયા છે. વરસાદ લોકોને રાહત આપવાનું નામ નથી લેતો. ચાર જિલ્લામાં શાળા અને કોલેજો બંધ કરવાની ફરજ પડી છે. સૌથી ખરાબ હાલત ચેન્નાઈની છે. જ્યાં ઠેર ઠેર પાણી ભરાતાં જનજીવન ખોરવાઈ ગયું છે. રસ્તા પર વાહનોના ટાયર ડૂબી જાય તેટલા પાણી ભરાયેલા હોવાથી ઠેર ઠેર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં લોકોની હાલાકીમાં વધારો થયો છે. રેલવે ટ્રેક પાણીમાં હોવાથી ટ્રેનો મોડી ચાલી રહી છે. એકંદરે ચેન્નાઈ શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. સ્થિતિ પર નજર રાખવા ૧૫ૈંછજી અને ૧૬ હજાર કર્મચારીઓ તૈનાત કરાયા છે. લોકોને પોતાના ઘરોમાં રહેવાની સલાહ અપાઈ છે. માછીમારોને દરિયામાં ન જવાની ચેતવણી અપાઈ છે. કેમ કે દરિયાકાંઠાના વિસ્તારોમાં સ્થિતિ સૌથી ખરાબ છે. વરસાદનો કહેર હજુ અટકે તેમ નથી કેમ કે ચેન્નાઈ અને તેની આસપાસના જિલ્લામાં બીજી અને ત્રીજી ડિસેમ્બરે પણ ભારે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું છે. ચેન્નાઈ, ચેંગલપટ્ટુ, રાનીપેટ અને કાંચીપુરમમાં શાળાઓ બંધ કરી દેવાઈ છે, જ્યારે તિરુવલ્લુરમાં શાળા અને કોલેજો બંને બંધ કરવાની સ્થિતિ આવી છે. ચેન્નાઈ, ચેંગલપેટ, અરક્કોણમ અને વિલ્લુપુરમ જિલ્લામાં દ્ગડ્ઢઇહ્લની પાંચ ટીમ તૈનાત કરવામાં આવી છે. રાજ્ય સરકારે લોકો માટે હેલ્પલાઈન નંબર પણ જાહેર કર્યા છે.

# સુરતની વીર નર્મદ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં ગાળો લખી

સુરત,તા.૨

સુરતની વીર નર્મદ યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓની વિચિત્ર હરકત સામે આવી છે. બીકોમ-બીએની પરીક્ષામાં લેવાયેલી પરીક્ષામાં છ વિદ્યાર્થીઓએ મોટા કાંડ કર્યા. ૬ વિદ્યાર્થીએ ઉત્તરવહીમાં કામસૂત્રની વાર્તા, મિત્રની પ્રેમ કહાની, આચાર્યો અને પ્રોફેસરો માટે ગાળો લખી હતી.

સમગ્ર મામલો બહાર આવ્યા બાદ તમામનું મેડિકલ પ્રોફેસરોની હાજરીમાં હિયરિંગ કરાયુ હતું. છ વિદ્યાર્થીઓને શૂન્ય માર્ક્સ આપી ૫૦૦ રૂપિયાની પેનલ્ટી કરાઈ. તેમજ વિદ્યાર્થીઓએ પોતાની ભૂલ કબૂલી લેખિતમાં માફી માંગી. સુરતમાં આવેલી વીર નર્મદ યુનિવર્સિટીની બેચરલ ઓફ કોમર્સ અને બેચલર ઓફ આર્ટ્સની મુખ્ય જાહેર પરીક્ષામાં ગયા મહિને યોજાઈ હતી. જેમાં છ વિદ્યાર્થીઓએ ઉત્તરવહીમાં પ્રશનોના જવાબને બદલે અભદ્ર ભાષાનો પ્રયોગ કર્યો હતો. છ વિદ્યાર્થીઓમાંથી એકે મહિલા પ્રોફેસરો તથા આચાર્યો માટે અપશબ્દો લખ્યા હતા. તો કેટલાકે ઉત્તરવહીમાં કામસૂત્રની વાર્તા, મિત્રની પ્રેમ કહાની લખી હતી. આ બાદ ભારે ઉહાપોહ મચી ગયો હતો. સમગ્ર મામલો બહાર આવ્યા બાદ તમામ વિદ્યાર્થીઓને બોલાવવામાં આવ્યા હતા.

તમામ વિદ્યાર્થીઓએ પોતાની ભૂલ કબૂલી હતી. સાથે જ લેખિતમાં માફી પણ માંગી હતી તેવું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.ના વાઈસ ચાન્સેલક ડો. કિશોરસિંહ ચાવડાએ માહિતી આપી. આ ઘટના બાદ યુનિવર્સિટીએ પોતાના નિયમો બદલ્યા છે. વિદ્યાર્થીઓ યુનિવર્સિટીની મુખ્ય જાહેર પરીક્ષામાં પ્રશ્નના જવાબ લખવામાં અભદ્ર ભાષાનો ઉપયોગ કરશે તો પછી તેને રૂ. ૧,૦૦૦ની પેનલ્ટી થશે. તે સાથે જ વિદ્યાર્થીએ માનસિક રીતે સ્વસ્થ હોવાનું સર્ટિફીકેટ પણ રજૂ કરવું પડશે, તો જ આ વિદ્યાર્થીઓ આગામી પરીક્ષાનું ફોર્મ ભરી શકશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનમાં વિજય પ્રાપ્તિ માટે ધીરજથી મોટી બીજી કોઈ શક્તિ નથી.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક વદ-૫, તા.૨ ડિસેમ્બર ૨૦૨૩, શનિવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૮, પુષ્ય નક્ષત્ર, બ્રહ્મ યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૦૪

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃષભ:વડીલવર્ગની પ્રીતિ પ્રાપ્ત થાય. અટકેલા કાર્યો પૂર્ણ થાય.
મિથુન:રચનાત્મક કાર્યમાં સફળતા મળે. આરોગ્ય અંગે સાવચેતી રાખવી હિતાવહ.
કર્ક: નાણાંભીડ હળવી બને. મહત્વના કાર્યમાં સફળતા મળે.
સિંહ: વિલંબથી કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ચકમક ઝરે.
કન્યા: પ્રિયજનથી વિરહ રહે. સંપત્તિને લગાત કાર્યોનો ઉકેલ મળે.
તુલા: નોકરીયાતને ઉપરી અધિકારીથી લાભ. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક:ધંધાકીય કાર્યમાં લાભ મેળવી શકશો. પ્રવાસમાં લાભ થાય.
ધન: ખર્ચનો પ્રસંગ બને. ધંધાકીય કાર્યમાં વિઘ્ન આવે.
મકર: વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું. મનમાં મૂંઝવણ અનુભવાય.
કુંભ: આકસ્મીક પ્રવાસનો લાભ મળે. આરોગ્ય અંગે સાવચેત રહેવું.
મીન: નાણાંભીડ તીવ્ર બને. કાર્યબોજ હળવો બને.

# ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા જ રાજ્યમાં કરોડોનું રોકાણ



ગાંધીનગર,તા.૨

ભારતમાં વિશ્વસ્તરીય ફાઈનાન્સ અને આઈટી ઝોન બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને વેગ આપવા માટે ગુજરાતમાં ગિફ્ટ સિટીની સ્થાપના કરવામાં આવી છે. GIFT-IFSCમાં ગુગલ, બેન્ક ઓફ અમેરીકા, મોર્ગન સ્ટેનલી અને ડાઈકેન યુનિવર્સિટી જેવી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટીઓ, ઈન્ડિગો અને એર ઈન્ડિયાની એરક્રાફ્ટ લીઝિંગ પ્રવૃત્તિઓ, જીય્ઠ નિફટી દ્વારા GIFT સિટી તરીકે ટ્રેડિંગ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ IFSC લિમિટેડ જેવી મોટી વૈશ્વિક કંપનીઓના કારણે ઘણા વ્યવસાયો અને મોટા પાયે રોકાણો આકર્ષિત થઈ રહ્યા છે. આ પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે, ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ પહેલા, ગુજરાત સરકારે ૬ આંતરરાષ્ટ્રીય અને ૮ રાષ્ટ્રીય કક્ષાના રોડ શોનું આયોજન કર્યું છે. ગુજરાત સરકારના VGGS પ્રતિનિધિમંડળે છેલ્લા ૩ મહિનામાં ૧૦૦૦ થી વધુ કંપનીઓ સાથે વાતચીત કરી છે. પ્રતિનિધિ મંડળના સભ્યોએ તેમની મુલાકાત દરમિયાન GIFT-IFSC માટે ગુજરાતનું વિઝન શેર કર્યું હતું. પ્રતિનિધિમંડળે GIFT-IFSCમાં બિઝનેસ વિસ્તારવા અને નવા એકમો સ્થાપવા વૈશ્વિક કંપનીઓ સાથે ઉપલબ્ધ વિવિધ તકોની પણ ચર્ચા કરી હતી. આ બેઠકો દરમિયાન, જાપાન, ઑસ્ટ્રેલિયા, સિંગાપોર અને USA જેવા દેશોની વિવિધ આંતરરાષ્ટ્રીય કંપનીઓએ GIFT - IFSC માં રોકાણ માટે રસ દાખવ્યો હતો. સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ ટેક્નોલોજીના ક્ષેત્રમાં વ્યૂહાત્મક ભાગીદારી વિકસાવવા અને ગુજરાતની GIFT - IFSC માં ફાઈનાન્સ સેક્ટરની કંપનીઓની સ્થાપનાના ઉદ્દેશ્ય સાથે ગુજરાત સરકારે હોલ્ડિંગ્સ પીટીઈ લિ., વર્મિલિયન વેન્ચર્સ અને કોર્પ પીટીઈ લિ. જેવી અગ્રણી ઑસ્ટ્રેલિયન કંપનીઓ સાથે આ મુલાકાતો દરમિયાન અનેક એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે મહત્વપૂર્ણ આર્થિક પ્રવૃત્તિઓ જેવી કે વૈશ્વિક સ્તરે બેન્ચમાર્ક નિયમો, કરવેરાના નિયમો, શ્રેષ્ઠ નીતિઓથી સજ્જ મજબૂત ઈકોસિસ્ટમની સાથે બેંકિંગ, ફાઈનાન્સ, આઈટી અને આઈટીઈએસ, ફિનટેક, ટેકફિન, કેપિટલ માર્કેટ, ઈન્શ્યોરન્સ, ઓટોમોબાઈલ, એ ્ િજ િન ય િર ગ , ફાર્માસ્યુટિકલ્સ, ઈ-કોમર્સ, શિપ લીઝિંગ, એરક્રાફ્ટ લીઝિંગ, અને અન્ય આનુષંગિક સેવાઓ જેવી કે લીગલ, ઓડિટ, કમ્પ્લાયન્સ, ટેક્સેશન, એકાઉન્ટિંગ, મેનેજમેન્ટ કન્સલ્ટન્સી, વગેરેનું ય્ૈંહ્લ સિટીમાં વિસ્તરણ કરવાથી કે પછી આવી સેવાઓ સ્થાપિત કરવાથી તેમને અનેક લાભ અને પ્રોત્સાહન મળશે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા. ૯ ડિસેમ્બરના રોજ લોક અદાલત



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

ધી નેશનલ લીગલ સર્વીસીસ ઓથોરિટી એકટ તથા સુપ્રિમ કોર્ટની અનુશ્રામાં રાષ્ટ્રીય કક્ષાએ કાનૂની સેવાના ક્ષેત્રમાં કામ કરતી ઓટોનોમસ બોડી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તેમજ રાજ્ય લેવલે ગુજરાત હાઈકોર્ટની અનુશ્રામાં કામ કરતી બોડી ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ- અમદાવાદના માર્ગદર્શન મુજબ આગામી શનિવાર તારીખ ૯ ડિસેમ્બરના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લાની તમામ અદાલતોમાં આ વર્ષની છેલ્લી રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અદાલતમાં ચાલતા હોય તેવા લગ્ન વિષયક તકરારો, મોટર અકસ્માત વળતર કેસ, દિવાની કેસ, કામદાર વળતર કેસ, મોબાઈલ કંપની સાથેના વિવાદ, ફોજદારી સમાધાન પાત્ર ગુન્હાઓના કેસ, જમીન સંપાદન વળતર કેસ, બેન્ક રીકવરી કેસ, પેન્શન કેસ, ગ્રાહક સેવા તકરારની બાબતો, વીજ કંપનીના કેસ વિગેરે તમામ સમાધાન લાયક સિવિલ તથા ફોજદારી કેસો મુકવામાં આવનાર છે. આ ઉપરાંત એવા કેસો કે જે હજુ સુધી અદાલતમાં આવેલ નથી તેવા પ્રિ-લીટીગેશન કેસો, જેમાં પબ્લીક યુટીલીટી સર્વિસીસ સાથે સંકળાયેલા કેસો વીજ તથા પાણીના બાકી લેણાંનાં કેસો, ટ્રાફિક ચલણના કેસો, નેગોસીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એક્ટના કેસો, બેંક રીકવરી કેસો, લેબર ડીસ્પ્યુટસના કેસો વિગેરે માટે પ્રિ-લીટીગેશન અદાલતનું પણ આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં આ લોક અદાલત પૂર્વે લીટીગેશન તથા પ્રિ-લીટીગેશન કેસો માટે પ્રિ-કાઉન્સીલીંગ તથા પ્રિ-સીટીંગ યોજવામાં આવ્યું છે. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા જુદા-જુદા સ્ટેક હોલ્ડરો જેવા કે, વકીલો, સરકારી વકીલો, પોલીસ અધિકારીઓ, કલેકટર તથા રેવન્યુ ખાતાના અધિકારીઓ, બેંક તથા ફાયનાન્સીયલ ઈન્સ્ટીટયુટના અધિકારીઓ તથા સંસ્થાઓના હોદેદારો સાથે સદર લોક અદાલત તથા સ્પેશીયલ મેજીસ્ટ્રેયીલ સીટીંગના સંદર્ભમાં પીરીયોડીકલી મીટીંગો યોજી પરીણામલક્ષી આયોજન કરવામાં આવ્યું છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલી જુદી-જુદી અદાલતો દ્વારા પેન્ડિંગ તથા પ્રિ-લીટીગેશન મળીને કુલ ૩૦૪૨ કેસો ફાઈન્ડ આઉટ કરીને મુકવામાં આવ્યા છે. વધુમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર જિલ્લા પોલીસ દ્વારા જિલ્લાના જુદા જુદા સ્થળો ઉપર કેમેરા લગાવી ટ્રાફિકનું ઉલ્લંઘન કરતા વાહન ચાલકોને ઈ-ચલણ ઈસ્યૂ કરવામાં આવેલ છે. હાલ સુધી આવા ઈ -ચલણ ન ભરેલ હોય તેવા કુલ ૧૯૩૬ વાહન ચાલકો વિરૂદ્ધ ઈ- ચલણની પ્રિ-લીટીગેશન નોટિસ દેવભૂમિ દ્વારકા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, દેવભૂમિ દ્વારકા દ્વારા ઈસ્યૂ કરવામાં આવી છે. જેથી આવા વાહન ચાલકો જો કોર્ટની કાર્યવાહીથી બચવા માંગતા હોય તો તાત્કાલિક ખંભાળિયામાં આવેલા "નેત્રમ" કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, જિલ્લાની નજીકની ટ્રાફિક શાખા અથવા તારીખ: ૯ ડિસેમ્બરના રોજ આયોજિત નેશનલ લોક અદાલત ના દિવસે રૂબરૂ ભરી શકાશે. જૂના ઈ - ચલણ ઓન લાઈન ભરવા માટે echallanpayment.gujarat.gov.in તથા વન નેશન વન નેશન અંતર્ગતના ચલણ ઓનલાઈન ભરવા માટે echallan.parivahan.gov.in ઉપર ભરી શકાશે. જિલ્લાના લોકો તેમનો કેસ લોક અદાલતના માધ્યમ થકી ખુબજ ઝડપથી પુરો કરાવવા માટે ખંભાળિયામાં જિલ્લા અદાલત-જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળનો કે જે-તે વિસ્તારમાં આવેલી તાલુકા અદાલતનો સંપર્ક કરવા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન(મુખ્ય જિલ્લા ન્યાયાધીશ) એસ.વી. વ્યાસ દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંગેની વધુ માહિતી માટે જિલ્લા સ્તરે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જિલ્લા ન્યાયાલય, ખંભાળિયા ટેલીફોન નંબર:- ૦૨૮૩૩-૨૩૩૭૭૫) તથા તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતિ, તાલુકા અદાલત, તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના ટોલ ફ્રી નંબર- ૧૮૦૦-૨૩૩-૭૯૬૬ અથવા ૧૫૧૦૦ ઉપર સંપર્ક કરીને વધુ માહિતી મેળવવા અપીલ કરવામાં આવેલ છે.

# રાજ્યમાં હાલ ઓબીસી કમિશન માત્ર શોભાના ગાંઠિયા સમાન : હાઈકોર્ટની ટકોર

**ઓબીસી જ્ઞાતિઓનો સમયાંતરે સર્વે નહીં થયો હોવાની બાબતની પણ કોર્ટે નોંધ લીધી : ઓબીસી કમિશનમાં પાંચ સભ્યો હોય છે પણ હાલ માત્ર એક જ સભ્ય**



અમદાવાદ,તા.૨

રાજ્યમાં કાયમી ઓબીસી પંચ નહીં હોવાનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો છે. જેમાં હાઈકોર્ટએ રાજ્ય સરકાર પાસે જવાબ માંગ્યો છે. ગુજરાત હાઈકોર્ટમાં અરજદારની રજૂઆત છે કે સરકારી કમિશન માત્ર નામ પૂરતું છે. ત્યારે હાઈકોર્ટે જણાવ્યું છે કે સરકાર કેટલો ખર્ચ કરે છે તે મહત્વનું નથી. ઓબીસી સમાજનો સમયસર સરવે ન થયો. તેથી કમિશન કંઈ રીતે કાર્ય કરે છે તે જવાબ રજૂ કરવા આદેશ છે. આ કમિશન ફરિયાદ સાંભળવા બન્યુ નથી. રાજ્યમાં કાયમી ઓબીસી નહીં હોવાનો વિવાદ હાઈકોર્ટમાં છે. ગુજરાત હાઈકોર્ટમાં આ અંગે સુનાવણી થઈ છે. માત્ર ૧ સભ્ય ઉપર ચાલતા ઓબીસી કમિશન ઉપર હાઈકોર્ટે સરકાર પાસે ખુલાસો માંગ્યો હતો. હાઈકોર્ટે સરકારને ટકોર કરી છે કે, સરકાર કમિશન પાછળ કેટલો ખર્ચ કરે છે તે મહત્વનું નથી, કમિશન કઈ રીતે કાર્યરત છે તે મહત્વનું છે. આ કમિશન માત્ર ફરિયાદો સ્વીકારવા માટે જ બન્યું નથી. સરકારી વ્યવસ્થામાં હાલ કમિશન શોભાના ગાંઠીયા જેવું બની રહ્યું છે. હાઈકોર્ટે આર્થિક પછાત વર્ગો બાબતની ચકાસણી સમાવેશ કે દૂર કરવા અંગેની કામગીરી નહીં થઈ રહી હોવાનું પોતાના પ્રાથમિક અવલોકનમાં નોંધ્યું હતું. સમગ્ર મામલે કમિશનની કામગીરી સહિતની બાબતો ઉપર સ્પષ્ટતા કરવા કોર્ટે સરકારને નિર્દેશ આપ્યો છે. સાથે ઓબીસી જ્ઞાતિઓનો સમયાંતરે સર્વે નહીં થયો હોવાની બાબતની પણ કોર્ટે નોંધ લીધી હતી અને રાજ્ય સરકારે કરેલું સોગંદનામામાં ઘણી બધી બાબતોની સ્પષ્ટતા નહીં કરતું હોવાનું જણાવ્યું હતું. ઓબીસી કમિશનમાં ૫ સભ્યો હોય છે, જ્યારે ગુજરાતમાં માત્ર ૧ સભ્યની રચના મામલે સરકારે પાસે ખુલાસો માંગવામાં આવ્યો છે. આ બાબતે આગામી દિવસોમાં સુનાવણી રાખવામાં આવી છે. કેસની વિગતો અનુસાર અરજદાર દ્વારા રજુઆત કરી હતી કેરાજ્યમાં ઓબીસી કમીશનની કાયમી રચના કરવી જોઈએ. સાથે સાથે હાઈકોર્ટેની પણ નિર્દેશ કર્યો હતો કે, અરજદારે બંધારણીય જોગવાઈઓ અને નેશનલ કમીશનની કાર્ય વ્યવસ્થા તેમજ રાજ્યમાં હાલ ચાલતા કમિશનના મુદ્દે અરજદાર પણ સંવિધાનિક જોગવાઈઓ તેમજ હાલની પરિસ્થિતિ અંગે આગામી મુદત સુધીમાં જરૂરી રિપોર્ટ રજૂ કરી શકે છે. હાઈકોર્ટે તા.૨૦ ડિસેમ્બર સુધીમાં સરકારને ખુલાસો કરવા તાકીદ કરી કેસની વધુ સુનાવણી એ દિવસે મુકરર કરી હતી.

# ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક ફાળવવા સંચાલક મંડળની માંગણી

## જ્ઞાન સહાયકના અભાવે સ્કૂલોમાં શિક્ષણ ઉપર ગંભીર અસર થતી હોવાની રજૂઆત

અમદાવાદ, તા.૨

રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયક ફાળવવા માટે સંચાલક મંડળ દ્વારા શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં શિક્ષકોના અભાવે શિક્ષણ ઉપર અસર પડતી હોવાનું જણાવી તાકીદે ભરતી કરવા માંગ કરી છે. રાજ્ય શાળા સંચાલક મહામંડળ ટ્રસ્ટ અને જિલ્લા ઘટક મંડળો તરફથી મળેલી રજૂઆતોના પગલે સંચાલક મંડળે શિક્ષણ વિભાગ સમક્ષ રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, બિટીશ સમયથી હાઈસ્કૂલ સંલગ્ન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ રાજ્યમાં વર્ષોથી શિક્ષણકાર્ય કરી રહેલ છે. કેટલીક હાઈસ્કૂલ સંલગ્ન ૧થી ૮ ધોરણોના વર્ગોવાળી પ્રાથમિક શાળાઓ છે. જ્યારે કેટલીક હાઈસ્કૂલોમાં ઉચ્ચ પ્રાથમિક અને કેટલીક શાળાઓમાં નિમ્ન પ્રાથમિક એટલે કે ૧થી પાંચના વર્ગો ચાલે છે. સંચાલક મંડળ પાસેના આંકડા મુજબ અંદાજે સમગ્ર ગુજરાતમાં ૬૦૦થી ૬૫૦ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ આવેલ છે કે, જ્યાં ફક્ત એક-એક વર્ગથી શિક્ષણ કાર્ય ચાલી રહેલ છે. છેલ્લી માહિતી મુજબ ૨૦૧૭ પહેલાં ગ્રાન્ટેડ શાળાઓમાં શૈક્ષણિક સ્ટાફ આપવામાં આવ્યો હતો અને તે સમયે પણ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૧૦૦% ભરતી થયેલ નહોતી જે હકીકત છે. શિક્ષણ વિભાગના તા.૧૦/૭/૨૦૨૩ના ઠરાવને આજે પાંચમો મહિનો ચાલી રહ્યો છે તેમ છતાં હાઈસ્કૂલ સંલગ્ન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકનફાળવણી કરવામાં આવેલી નથી. ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં વર્ષોથી ફરજ બચાવીને નિવૃત્ત થયેલ, રાજીનામું આપેલ, અકાળે મૃત્યુ પામેલ સહિતના અન્ય કારણોસર ખાલી પડેલ કાયમી જગ્યાઓ ઉપર શિક્ષક ઉપલબ્ધ કરાવવામાં આવેલ ન હોવાથી શિક્ષણ કાર્ય બગડી રહ્યું છે. ઠરાવની માર્ગદર્શન સૂચનાઓ અને શરતો અન્વયે જિલ્લા પ્રાથમિક શિક્ષણ શાસનાધિકારીએ જ્ઞાન સહાયકના યાદીની માગણી સમગ્ર શિક્ષા કચેરી પાસે કરવાની રહેશે. રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અને શાસનના અધિકારીઓ પાસે પોતાના જિલ્લામાં ખાલી પડેલ જગ્યાઓની વિગતો ઉપલબ્ધ છે. એટલું જ નહીં તેઓએ અવારનવાર અને વારંવાર આ માહિતીઓ આપની કચેરીને ઉપલબ્ધ કરાવેલ છે. તેવું તેઓના દ્વારા કહેવામાં આવેલ છે. મિશન સ્કૂલ ઓફ એકસલન્સના પ્રોજેક્ટ હેઠળ જ્ઞાન સહાયક યોજના હંગામી ધોરણે અમલમાં મૂકવામાં આવેલ છે. તે સંજોગોમાં સીધી ભરતીથી કે બદલીથી ઉમેદવાર ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા હોવાથી અને કરાર આધારિત સેવાઓ લેવાની હોવાથી જ્ઞાન સહાયકની નિમણૂક ૧૧ મહિના પૂરતી જ છે. ત્યારે આપની કચેરી દ્વારા થઈ રહેલ વિલંબમાં ૨૦૨૩-૨૦૨૪ના શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર પૂર્ણ થયેલ છે. ત્યારે આ અંગે તાત્કાલિક યોગ્ય હુકમો જિલ્લા કક્ષાએ થાય તે આવશ્યક હોવાનું સંચાલક મંડળે જણાવ્યું છે.

# UPના જિલ્લામાં એક સરખી પેટર્નથી મહિલાઓની હત્યાઓ ચિંતાનું કારણ બની

લખનૌ, તા.૨

ઉત્તરપ્રદેશના આ જિલ્લામાં છેલ્લા કેટલાક મહિનામાં આ રીતે આઠ મહિલાઓની હત્યાઓએ લોકોમાં ગભરાટ અને પોલીસ માટે ચિંતાનો માહોલ ઊભો કર્યો છે. તમામ પીડિતોની ઉંમર ૩૫થી ૬૦ વર્ષની વચ્ચે હતી અને સાડી અથવા ચુનરી વડે ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આમાંથી સાત હત્યાઓ શાહી પોલીસ સ્ટેશનની હદ હેઠળના જુદા-જુદા ગામોમાંથી નોંધાઈ હતી. સૌથી તાજેતરનો એક કિસ્સો ૨૬ નવેમ્બરના રોજ શેશગઢ પોલીસ સ્ટેશનમાંથી નોંધવામાં આવ્યો હતો. બરેલીના એડીજી પી.સી. મીનાએ આઈજી (રેન્જ) રાકેશસિંહ સાથે ક્રાઈમ સ્પોટની મુલાકાત લીધી હતી અને અધિકારીઓને વહેલામાં વહેલી તકે કેસનો ઉકેલ લાવવાનો નિર્દેશ આપ્યો હતો. તેમણે તેમને ઘટનાઓનું ક્રાઈમ મેપિંગ કરવા અને હુમલાખોરોને પકડવા માટે ક્રાઈમ પેટર્નનું વિશ્લેષણ કરવા કહ્યું. આ હત્યાઓ એકબીજા સાથે જોડાયેલી છે કે કેમ તે હજુ સ્પષ્ટ નથી. મને એ પણ ખાતરી નથી કે તે એક વ્યક્તિનું કામ છે કે, અલગ- અલગ લોકોનું. પરંતુ રહેવાસીઓને આ પ્રદેશમાં મનોરોગીની સંડોવણીની શંકા છે, એએસપી (ક્રાઈમ) મુકેશ પ્રતાપ સિંહે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, આ આઠમાંથી ત્રણ કેસ ઉકેલાઈ ગયા હતા અને ત્રણ લોકોની ધરપકડ કરવામાં આવી હતી જ્યારે બાકીના કેસોને ઉકેલવા માટે પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી હતી. એએસપી મુકેશ પ્રતાપસિંહે મહિલાઓને તેમના ઘરની બહાર એકલા ન જવા દેવા અને જરૂર હોય તો ત્રણ-ચારના જૂથમાં બહાર નીકળવાની મંજૂરી આપવા માટે ગ્રામજનોને સલાહ આપી હતી. જ્યાં સુધી પોલીસ આ ઘટનાઓ પાછળ કોઈ નિષ્કર્ષ ઉપર ન પહોંચે ત્યાં સુધી તેમને આ સલાહનું પાલન કરવાનું કહેવામાં આવ્યું હતું. આ એડવાઈઝરી દિવસના સમય માટે પણ છે કારણ કે, આ તમામ હત્યાઓ ખેતરમાં અથવા નિર્જન સ્થળોએ કામ કરતી સ્ત્રીઓ સાથે સવારે ૧૧થી સાંજે પાંચ વાગ્યાની વચ્ચે થઈ હતી. અગાઉ ગયા વર્ષે બારાબંકી જિલ્લામાં ડિસેમ્બરમાં ૬૦થી ૬૪ વર્ષની વચ્ચેની ત્રણ મહિલાઓની હત્યા કરવામાં આવી હતી. બે મહિનાની તપાસ બાદ પોલીસે ૨૪ વર્ષીય યુવક અમરેન્દ્રકુમાર રાવતની ધરપકડ કરીને કેસનો ઉકેલ લાવ્યો હતો.

# વૈશ્વિક સ્તરે ત્રણમાંથી એક મહિલા શારીરિક, જાતીય હિંસાનો અનુભવ કરે છે : WHO

નવી દિલ્હી, તા.૨

W.H.O.એ જણાવ્યું હતું કે, વિશ્વભરમાં લગભગ ત્રણમાંથી એક મહિલા તેના જીવનકાળ દરમિયાન શારીરિક અથવા જાતીય હિંસાનો અનુભવ કરે છે. W.H.O. S.E.A.R.O.ના પ્રાદેશિક નિર્દેશક ડો. પૂનમ ખેત્રપાલ સિંઘે જણાવ્યું હતું કે, "દરેક વ્યક્તિને હિંસા મુક્ત અને બળજબરીથી મુક્ત જીવન જીવવાનો અધિકાર છે. મોટાભાગની મહિલાઓને તે જે લોકો સાથે રહે છે તેનાથી વધુ જોખમ રહેલું છે. મોટાભાગની મહિલાઓ સામેની હિંસા, ખાસ કરીને ઘનિષ્ઠ હિંસા, તાત્કાલિક અને લાંબા ગાળાની એમ બંને રીતે ગંભીર આરોગ્ય પર અસર કરે છે. આ ઈજાઓ ગંભીર શારીરિક, માનસિક, જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય સમસ્યાઓનો સમાવેશ કરે છે, જેમાં જાતીય સંક્રમિત ચેપ, H.I.V. અને બિનઆયોજિત ગર્ભાવસ્થા તેમજ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ છે. મહિલાઓ સામેની હિંસાનો ખૂબ જ ઊંચો વ્યાપ અને તેની નોંધપાત્ર આરોગ્ય અસરો તેને આજના અગ્રતા જાહેર આરોગ્ય મુદ્દાઓમાં સ્થાન આપે છે. વધુમાં, તે મહિલાઓ અને છોકરીઓના માનવ અધિકારોનું ગંભીર ઉલ્લંઘન છે." મહિલાઓ સામે હિંસા ન થાય તે માટે ૧૬-દિવસીય સક્રિયતાની શરૂઆતને ચિહ્નિત કરતા, તેમણે કહ્યું કે મહિલાઓ સામે હિંસા અટકાવી શકાય છે. ડો. પૂનમ ખેત્રપાલ સિંઘે વધુમાં જણાવ્યું હતું કે, "તેનું મૂળ કારણ લિંગ અસમાનતા અને હાનિકારક લિંગ ધોરણોમાં છે જે સ્ત્રીઓ સામે હિંસા સ્વીકૃતિ આપે છે. ખાસ કરીને, પુરાવા દર્શાવે છે કે ઘનિષ્ઠ ભાગીદાર હિંસા અને જાતીય હિંસા બનતા પરિબળોના પરિણામે થાય છે. વ્યક્તિગત, કુટુંબ, સમુદાય અને વ્યાપક સમાજ સ્તરે કે જેઓ આવી હિંસાના જોખમ રક્ષણાત્મક પરિબળો વધારવા અથવા ઘટાડવા માટે એકબીજા સાથે સંપર્ક કરે છે." ડૉ. સિંહે કહ્યું કે, કેટલાક હિંસા ગુનેગાર હોવા સાથે સંકળાયેલા છે, અન્ય હિંસા અનુભવવા સાથે સંકળાયેલા છે અને કેટલાક બંને સાથે સંકળાયેલા છે. તેણીએ જણાવ્યું હતું કે, "અસમાન લિંગ ધારાધોરણો સાથે જોડાયેલા મુખ્ય જોખમ પરિબળોમાં,ઉદાહરણ તરીકે, હાનિકારક પુરુષવાચી વર્તણૂકોનો સમાવેશ થાય છે, જેમાં બહુવિધ ભાગીદારો અથવા હિંસા સહન કરતા વલણો, અથવા સમુદાયના ધોરણો કે જે વિશેષાધિકાર આપે છે અથવા પુરૂષોને ઉચ્ચ દરજ્જો આપે છે અને સ્ત્રીઓને નીચો દરજ્જો આપે છે." આ વર્ષે, W.H.O.ની દક્ષિણ-પૂર્વ એશિયા પ્રાદેશિક કચેરી વાર્ષિક અભિયાનમાં ભાગ લેવા માટે તેના ભાગીદારો સાથે ફરી જોડાઈ છે. ૨૫ નવેમ્બર, મહિલાઓ સામેની હિંસા નાબૂદી માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ, વાર્ષિક કાર્યકર્તાની આગેવાની હેઠળની ઝુંબેશ, લિંગ-આધારિત હિંસા સામે ૧૬ દિવસની સક્રિયતાની શરૂઆત કરછે. આ અભિયાન ૧૦ ડિસેમ્બર સુધી ચાલે છે અને દર વર્ષે માનવ અધિકાર દિવસ તરીકે મનાવવામાં આવે છે. તેણીએ જણાવ્યું હતું કે આ દિવસ એક યોગ્ય રીમાઈન્ડર તરીકે સેવા આપે છે કે મહિલા અધિકારો માનવ અધિકાર છે અને આપણે આ અધિકારોનું સન્માન, રક્ષણ અને પરિપૂર્ણ કરવા માટે આપણે બનતું બધું કરવું જોઈએ. ડો.સિંઘે કહ્યું કે, "ચાલો મહિલાઓ સામેની હિંસા અટકાવવા અને તેનો પ્રતિસાદ આપવા માટેના અમારા પ્રયત્નોને બમણા કરવાનો સંકલ્પ કરીએ - અને દરેક જગ્યાએ મહિલાઓ અને છોકરીઓને સુરક્ષિત રાખીયે."

# દિલ્હી ગેસ ચેમ્બર : સર્વેક્ષણમાં દરેક પરિવારોએ કહ્યું, છેલ્લા ૩૦ દિવસમાં હવાના પ્રદૂષણને કારણે સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ

નવી દિલ્હી, તા.૨

સર્વેક્ષણમાં જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ વાયુ પ્રદૂષણને કારણે કેવા પ્રકારના તકલીફો થાય છે, ત્યારે ૮૯ ટકા લોકોએ ગળામાં દુઃખાવો/ઉધરસ હોવાનું કહ્યું. ૭૮ ટકાએ શ્વાસની સમસ્યા; ૬૭ ટકાએ આંખોમાં જલન; ૫૬ ટકાએ બેચેની; ૪૪ ટકાએ માથાનો દુઃખાવો; ૨૨ ટકાએ ઊંઘમાં તકલીફ હોવાનું સ્વીકાર્યું હતું. છેલ્લા કેટલાક દિવસોમાં દિલ્હીનો હવા ગુણવત્તા સૂચકાંક ૩૦૦-૬૦૦ની રેન્જમાં રહેવાથી સર્વેક્ષણ કરાયેલા લગભગ ૮૫% પરિવારોએ જણાવ્યું હતું કે, તેઓ ગળામાં દુઃખાવા અથવા ઉધરસથી પીડાય છે. સર્વેક્ષણમાં સામેલ લોકોએ જણાવ્યું હતું કે, દરેક પરિવારમાં એક વ્યક્તિ છે જેને શ્વાસ લેવામાં તકલીફ થઈ છે. ભારતના ૧.૪ અબજ લોકો આસપાસના PM 2.5ના અસ્વસ્થ સ્તરના સંપર્કમાં છે જે બહુવિધ સ્ત્રોતોમાંથી નીકળતું સૌથી હાનિકારક પ્રદૂષક છે. ૨.૫ માઈક્રોન કરતા ઓછા વ્યાસવાળા આ નાના કણો, માનવ વાળની પહોળાઈના લગભગ ત્રીસમાં ભાગના છે. PM 2.5ના સંપર્કમાં આવવાથી ફેફસાના કેન્સર, સ્ટ્રોક અને હૃદય રોગ જેવી જીવલેણ બીમારીઓ થઈ શકે છે. એમ્બિયન્ટ અને ઈન્ડોર વાયુ પ્રદૂષણને કારણે ૨૦૧૯માં ભારતમાં ૧.૭ મિલિયન અકાળ મૃત્યુ થયાનો અંદાજ છે. સર્વેમાં દિલ્હી-એનસીઆરના ૯૭૪૦ પરિવારોને હવાના પ્રદૂષણને કારણે છેલ્લા ૩૦ દિવસમાં કોઈ બીમારીનો અનુભવ થયો હોવા અંગે પૂછવામાં આવ્યું હતું. ચિંતાજનક રીતે ૧૦૦%એ પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, તેમના પરિવારમાંથી એક અથવા વધુ સભ્યો પ્રદૂષણને કારણે પીડાય છે. નવા સર્વેક્ષણમાં દર્શાવવામાં આવ્યું છે કે, ત્રણ અઠવાડિયામાં સતત હવાના પ્રદૂષણને કારણે ગળામાં ખરાશ અથવા ઉધરસથી પીડિત એક અથવા વધુ વ્યક્તિઓ સાથે દિલ્હી-એનસીઆર પરિવારોની ટકાવારી ૭૫%થી વધીને ૮૯% થઈ ગઈ છે. જ્યારે લોકો ઝેરી હવાને કારણે તેમના સ્વાસ્થ્ય ઉપર ટૂંકા, મધ્યમ અને લાંબાગાળાની અસર અનુભવે છે, તે જ રીતે દિલ્હી અને એનસીઆર શહેરોમાં મેન્યુઅલ રસ્તાની સફાઈ અને કચરો સળગાવવામાં આવે છે અને ઘણાને આશ્ચર્ય થાય છે કે, શું વહીવટીતંત્ર હજુ પણ કામ અને મૂળ કારણોનું નિરાકરણ કરે છે? સર્વેને દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરૂગ્રામ અને ફરીદાબાદના રહેવાસીઓ તરફથી ૯૦૦૦થી વધુ પ્રતિસાદ મળ્યા હતા.

**ફલેટ વેચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં ફર્નિચર સાથે 2 BHK ફલેટ વેંચવાનો છે. લીફટની સુવિધા સાથે

મો.૯૮૨૪૫૯૨૫૫૯

# યુવા ભારતીયોમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગ : જીવનશૈલીમાં ચાર ફેરફાર, હૃદયની સમસ્યાઓ ટાળવા માટે આહાર ટિપ્સ

(એજન્સી) તા.૨

જે લોકો નાની ઉંમરે કાર્ડિયોવેસ્ક્યુલર રોગ વિકસાવે છે, તેઓને હૃદયની સમસ્યાનું ગંભીર અથવા જીવલેણ સ્વરૂપ થવાની શક્યતા વધુ હોય છે. જીવનશૈલી અને આહારમાં આ ફેરફાર કરો : શું તમે જાણો છો કે કાર્ડિયોવેસ્ક્યુલર ડિસીઝ (C.V.D.) યુવા ભારતીયોના જીવનમાં ભયજનક દરે ઘૂસી રહી છે ? કાર્ડિયોવાસ્ક્યુલર ડિસીઝ (C.V.D.) એ ભારતમાં મૃત્યુનું મુખ્ય કારણ છે, જે તમામ મૃત્યુના ૨૬.૬% છે, પરંતુ ચિંતાજનક બાબત એ છે કે યુવા ભારતીયોમાં C.V.D.નો વધતો વ્યાપ છે. વાસ્તવમાં ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ દ્વારા હાથ ધરવામાં આવેલા અભ્યાસ અનુસાર, છેલ્લા બે દાયકામાં ૩૦-૪૪ વર્ષની વયના લોકોમાં CVDની ઘટનાઓ ૩૦૦% વધી છે. આ એક મુખ્ય જાહેર આરોગ્ય સમસ્યા છે કારણ કે પ્રારંભિક-શરૂઆત C.V.D.થી હાર્ટ એટેક, સ્ટ્રોક અને અકાળ મૃત્યુ જેવા વિનાશક પરિણામો આવી શકે છે.



**યુવા અને કાર્ડિયોવાસ્ક્યુલર હેલ્થ**

એચટી લાઈફસ્ટાઈલ સાથેની મુલાકાતમાં,ડો. અરૂલ ડોમિનિક ફર્ટાડો, સલાહકાર-બેંગ્લોરની એસ્ટર C.M.I. હોસ્પિટલ ખાતે કાર્ડિયોવેસ્ક્યુલર અને થોરાસિક સર્જરીએ સમજાવ્યું, "C.V.D.એ હૃદય અને રક્તવાહિનીઓને અસર કરતી પરિસ્થિતિઓના જૂથનો ઉલ્લેખ કરે છે, જેમાં કોરોનરી ધમનીનો સમાવેશ થાય છે. રોગ, હાર્ટ એટેક અને સ્ટ્રોક. યુવા ભારતીયોમાં C.V.D.માં થયેલો વધારો આઘાતજનક છે. બેઠાડુ જીવનશૈલી, નબળી આહાર પસંદગી, તણાવ અને આનુવંશિક વલણ આ બધા પરિબળો છે જે આ વૃદ્ધિમાં ફાળો આપે છે. આ માન્યતાને દૂર કરવાનો સમય વીતી ગયો છે કે C.V.D. માત્ર વૃદ્ધો માટે સમસ્યા. તાજેતરના આંકડા અને કેસ અભ્યાસ આ સૂચવે છે."

**યુવા ભારતીયોમાં વિવિધ કારણોસર C.V.D. વધુ સામાન્ય બની રહ્યું છે. આ કેટલાક ઉદાહરણો છે :**

- સ્થૂળતા, ધૂમ્રપાન અને ડાયાબિટીસ વધુ સામાન્ય જોખમી પરિબળો બની રહ્યા છે.
- લોકોની જીવનશૈલી બદલાઈ રહી છે, વધુ લોકો બેઠાડુ જીવન જીવી રહ્યા છે અને બિનઆરોગ્યપ્રદ આહાર ખાય રહ્યાં છે.
- C.V.D. સંવેદનશીલતા વારસામાં મળી શકે છે.

**અર્લી-ઓન્સેટ સીવીડીના પરિણામો**

ડો. અરૂલ ડોમિનિક ફર્ટાડોએ ચેતવણી આપી હતી કે, "જીવનની શરૂઆતમાં વિકાસ પામેલ C.V.D. જીવલેણ બની શકે છે. જે લોકો નાની ઉંમરે C.V.D. વિકસાવે છે, તેઓને આ રોગનું ગંભીર સ્વરૂપ હોય છે અને તેના પરિણામે મૃત્યુ થવાની શક્યતા વધુ હોય છે. પ્રારંભિક શરૂઆત C.V.D. કરી શકે છે. વ્યક્તિના જીવનની ગુણવત્તા પર પણ નકારાત્મક અસર કરે છે. C.V.D.થી પીડિત લોકો ક્રોનિક પીડા, થાક અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ અનુભવી શકે છે. તેમને જીવનશૈલીમાં ફેરફાર કરવાની પણ જરૂર પડી શકે છે, જેમ કે ધૂમ્રપાન છોડવું અને તેમના આહારમાં ફેરફાર કરવો, વગેરે...."

**તેમણે જીવનશૈલીના નીચેના પરિબળો ઉપર પ્રકાશ પાડ્યો**

**બેઠાડી જીવનશૈલી** : આપણું આધુનિક જીવન વધુને વધુ બેઠાડુ બની ગયું છે. લાંબા કલાકો સ્ક્રીનની સામે બેસીને અને જરાક શારીરિક પ્રવૃત્તિ કરીને. શારીરિક પ્રવૃત્તિનો આ અભાવ સી.વી.ડી.નું જોખમ નોંધપાત્ર રીતે વધારે છે. C.V.D.ના નિવારણમાં નિયમિત કસરત ગેમ ચેન્જર બની શકે છે.

**ખરાબ આહારની આદત** : ફાસ્ટ ફૂડ, વધુ પડતી ખાંડનું સેવન અને એ આપણા આહારમાં આવશ્યક પોષક તત્વોનો અભાવ એ સામાન્ય બની ગયું છે. ખાવાની આ ખરાબ ટેવો C.V.D.માં વધારો કરવામાં ફાળો આપે છે. ફળો, શાકભાજી અને આખા અનાજથી સમૃદ્ધ હૃદય-સ્વસ્થ આહારને પ્રોત્સાહન આપીને નોંધપાત્ર તફાવત લાવી શક્ય છે. તણાવ અને

**માનસિક સ્વાસ્થ્ય** : તણાવ આપણા જીવનમાં સતત સાથી બની ગયો છે. ક્રોનિક સ્ટ્રેસ માત્ર માનસિક સ્વાસ્થ્ય પર અસર કરતું નથી, પરંતુ તે C.V.D.ના વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. તણાવ અને C.V.D. વચ્ચેના જોડાણને સમજવું મહત્વપૂર્ણ છે, જેમ કે તણાવ વ્યવસ્થાપન વ્યૂહરચનાનો અમલ કરવામાં આવે છે.

**આનુવંશિક વલણ** : કેટલાક લોકોમાં C.V.D. માટે આનુવંશિક વલણ હોય છે. કારણ કે C.V.D. નક્કી કરવામાં કૌટુંબિક ઈતિહાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. જોખમ, આનુવંશિક પરીક્ષણ અને પરામર્શ આ જોખમને ઓળખવા અને ઘટાડવા માટેના મહત્વપૂર્ણ સાધનો છે.

**નિવારણ અને જાગરૂકતા** : ડો. અરૂલ ડોમિનિક ફર્ટાડોએ નિષ્કર્ષ કાઢ્યો, "યુવા ભારતીયોમાં સીવીડી નિવારણ એ સહયોગી પ્રયાસ હોવો જોઈએ. વહેલું નિદાન અને નિવારણ મહત્વપૂર્ણ છે. તમારા હૃદયના સ્વાસ્થ્ય ઉપર નજર રાખવા માટે નિયમિત આરોગ્ય તપાસો સુનિશ્ચિત કરો. જાગરૂકતા વધારવા માટે, શૈક્ષણિક અભિયાનો અને પહેલ કરવી જોઈએ. સક્રિયપણે પ્રમોટ કરો. આરોગ્યસંભાળ અને માહિતીને વધુ સુલભ બનાવવામાં સરકાર અને આરોગ્યસંભાળ ક્ષેત્ર બંને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સારાંશમાં, યુવા ભારતીયોમાં કાર્ડિયોવેસ્ક્યુલર રોગની વધતી જતી ભરતી એ ગંભીર ચિંતા છે જેને તાત્કાલિક સંબોધિત કરવી જોઈએ. આપણે એ માન્યતાને દૂર કરવી જોઈએ કે C.V.D.એ માત્ર વૃદ્ધો માટે એક સમસ્યા છે. બેઠાડી જીવનશૈલી, નબળી આહાર પસંદગીઓ, તણાવ અને આનુવંશિક વલણને સંબોધીને આપણે આ શાંત રોગચાળા સામે લડવામાં નોંધપાત્ર પ્રગતિ કરી શકીએ છીએ.

## સુરેન્દ્રનગરના વઢવાણ ખાતે મળેલા 'સ્નેહમિલન' માં

# પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની આકરી ભાષાનો રેલો જૂનાગઢ સુધી પહોંચશે ખરો?

## જૂનાગઢ મહાનગરની જનતા ભાજપના શાસનથી સંતુષ્ઠ છે ખરી?

**મહાનગરમાં ફરતા–ફરતા**
ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૨

પ્રજાના પ્રતિનિધિઓ પછી ચાહે ગમે તે પ્રકારના હોય પણ તેઓ લોકશાહી રાજમાં જનતાના એવંમ્ પ્રજાના સેવાકીય કામો કરવા માટેનું એક માત્ર માધ્યમ છે. મતબલ કે જનતાનું એક વિશ્વાસનું પ્રતિક છે. આ પાયાની 'નીતિ' છે પરંતુ મોટાભાગના એવંમ્ સામાન્ય ગામડાના સરપંચથી માંડીને રાષ્ટ્રીય કક્ષાના પ્રજાએ-જનતાએ ચુંટેલા પ્રતિનિધિઓ આ પાયાની પવિત્ર નીતિ એવંમ્ પોતાની ફરજ-જવાબદારીઓને કોરાણે મુકી છડેચોક પદ, પૈસો અને પ્રતિષ્ઠા પાછળ દોડતા જોવા મળે છે. આ વાત હવે કોઈ છાની કે નવી નથી! પરંતુ છેલ્લા દશેક વર્ષથી એક માત્ર જૂનાગઢ શહેર-જીલ્લામાં જ નહીં સારાયે ગુજરાતમાં કરોળીયાના જાળાની માફક એવી તો વ્યાપક પ્રમાણે ગુંથવામાં આવેલી છે તેને તોડવી તે ભાજપના મોવડી માટે માથાના દુઃખાવા રૂપ હોય તેમ ગુજરાત પ્રદેશ ભાજપના પ્રમુખ સી.આર. પાટીલ છેલ્લા લાંબા સમયથી આ 'જાળ' તોડવા મથી રહયા છે. ૨૦૨૪ ની લોકસભાની ચુંટણી પહેલા આ કરોળીયા રૂપી ગુંથાયેલી 'ભ્રષ્ટાચાર'ની જાળને તોડયા વગર છુટકો પણ નથી! કારણ લગભગ એ નિશ્ચિત થઈ ચુકયું છે કે સમગ્ર ભાજપનું અસ્તીત્વ જ વડાપ્રધાન મોદી ઉપર નિર્ભર છે, મતલબ કે ૨૦૨૪માં જો ભાજપને લોકસભાની ચુંટણીમાં બહુમત નહી મળે તો..! આ કલ્પના માત્રથી સી.આર. પાટીલ સહિતના ભાજપના ઉચ્ચકક્ષાના નેતાઓ અત્યારથી જ ધ્રુજી ગયા છે. આ વાતનો પડઘો જયારે જયારે ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓના મેળાવડા યોજાય છે ત્યાં-ત્યાં શ્રી સી.આર. પાટીલ દ્વારા વ્યકત કરવામાં આવે છે.

તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણમાં યોજાયેલા ભાજપના સ્નેહમિલનમાં પણ આ વાતનો પડઘો સી.આર. પાટીલ દ્વારા પાડવામાં આવ્યો હતો. તે એક માત્ર સુરેન્દ્રનગર કે વઢવાણના ભાજપના નેતા કે કાર્યકર્તાઓ એવંમ્ પદ, પૈસા પાછળ દોડનારા માનતા હોય તો તે ભુલ ભરેલું છે. આ વાત સમગ્ર ગુજરાતના ભાજપના નાના મોટા તમામ પ્રજાના પ્રતિનિધિઓને લાગુ પડે છે. અને તેમાંય જૂનાગઢ મહાનગરના ભાજપના શાસકોને વિશેષ લાગુ પડતું હોય તેવું શું નથી લાગતું?

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ ઘણા સમયથી આકરા પાણીએ હોય તેમ તાજેતરમાં સુરેન્દ્રનગર જીલ્લાના વઢવાણ ખાતે યોજાયેલા નવા વર્ષના 'સ્નેહમિલન' કાર્યક્રમમાં ભાજપના પદાધિકારીઓ અને પ્રજાના ચુંટાયેલા પ્રતિનિધિઓને સંબોધીને અતિ આકરા શબ્દોમાં કહયું હતું કે, તમે ગમે તેટલા મતે જીત્યા હશો પરંતુ તે જીત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તાકાત એવંમ્ પ્રભાવથી મળી છે. માટે પક્ષના તમામ પ્રતિનિધિઓ પ્રથમ તો પોતાનો 'અહંમ' અભિમાન છોડે ને સાચા અર્થમાં પ્રજાના કામોમાં જોતરાય જાય તે તેમના હિતમાં હોવાનું જણાવી પાટીલે ચુંટાયેલા પ્રજાના પ્રતિનિધિઓને તેમની મર્યાદા એવંમ્ લક્ષ્મણ રેખાની યાદ અપાવી હતી. છતાં પણ જો તમારી જીત ઉપર ગુમાન કરશો તો તેની કિંમત ચુકવવા તૈયાર રહેજો. જો કે, સુરેન્દ્રનગરના જગદીશ મકવાણા, પ્રકાશ વરમોરા અને પી.કે. પરમાર જેવા મોટા ગજાના બની ગયેલા નેતાઓને તો નામજોગ જણાવી દીધું હતું કે હવામાં ઉડવાને બદલે ધરતી ઉપર જોડાય જાવ, આ જીત તમારી તાકાત કે પછી લોકચાહના કે કોઈ પ્રભાવની નથી 'મોદી'ની છે, સામાન્ય કાર્યકર્તાઓની છે.


ગુજરાત ભાજપમાં કોઈ ભાજપના નેતાની પછેડી પકડીને ચાલનારા 'જી' હજુરીયાઓને ભાજપ ટીકીટ આપનાર પાર્ટી નથી પરંતુ 'કામ' કરનારાઓને તક અને પદ આપનારો પક્ષ છે. તે વાત પણ ન ભુલવા ઉપસ્થિત ભાજપના તમામ નાના-મોટા નેતાઓ, પ્રતિનિધિઓ પાટીલે આકરા વેણ સાથે જણાવેલ તે એક માત્ર સુરેન્દ્રનગર કે વઢવાણને લાગુ પડતી વાત નથી.!

જૂનાગઢ મહાનગરની વાત કરીએ તો જૂનાગઢ મહાનગરની જનતા મનપાના શાસનથી પુરતા સંતોષી નથી તે સંબંધી અનેક નાની મોટી ફરીયાદો છે ક ભાજપના મોવડી મંડળ સુધી અવાર-નવાર પહોંચેલ હોય સી.આર. પાટીલ પણ જૂનાગઢ મનપાના ભાજપના શાસનથી એટલાજ વાકેફ છે. અને તેમાંય કાળવાના વોંકળાના રાયજીબાગ સહિતના વિસ્તારમાં ફરી વળેલા વરસાદી પાણીએ સર્જેલી તારાજી અને ઉભી થયેલી પરિસ્થિતી પછી તો ખુદ ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિતના ઉચ્ચકક્ષાના ભાજપના મોભીઓ ધ્રુજી ગયા હતા તે પણ જૂનાગઢ મહાનગરમાં બની બેઠેલા ભાજપના પ્રજાના પ્રતિનિધિઓ માટે એટલું જ સુચક બની જાય છે એવું શું વઢવાણના ભાજપના સ્નેહમિલન કાર્યક્રમ પછી નથી લાગતું?

# મુકતા A2 સિનેમા દ્વારા અમદાવાદમાં છ અત્યાધુનિક સ્ક્રીનનું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું

**મુક્તા A2 સિનેમાસ અમદાવાદમાં ૬ નવી સ્ક્રીન સાથે સિનેમેટિક અનુભવને વધારે છે**





અમદાવાદ તા. ૨

મનોરંજન ઉદ્યોગમાં અગ્રણી નામ મુકતા A2 સિનેમાઝે શુક્રવારે અમદાવાદમાં છ અત્યાધુનિક સિનેમા સ્ક્રીનોના ભવ્ય ઉદઘાટન સાથે એક નવા ચેપ્ટરનું અનાવરણ કર્યું હતું, જે શહેરના સિનેમેટિક મનોરંજનમાં નવા યુગની શરૂઆત કરે છે.

વ્યૂહાત્મક વિસ્તરણ અપ્રતિમ સિનેમેટિક અનુભવો આપવા માટે મુકતા A2 સિનેમાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. અદ્યતન ઓડિયો-વિઝ્યુઅલ ટેકનોલોજી અને આરામદાયક બેઠક સાથે સજ્જ આ નવી સ્ક્રીનો અમદાવાદીઓ માટે મૂવી જોવાના અનુભવને ફરીથી વ્યાખ્યાયિત કરવાનું વચન આપે છે. મુક્તા A2 સિનેમાના મેનેજિંગ ડિરેક્ટર રાહુલ પુરીએ જણાવ્યું હતું કે, 'અમદાવાદમાં આ અત્યાધુનિક સ્ક્રીનોના અનાવરણ સાથે અમારા વિઝનના ફળના સાક્ષી બનવા માટે અમે રોમાંચિત છીએ. આ સ્ક્રીનો ઈમર્સિવ મનોરંજન જગ્યાઓ બનાવવા માટેના અમારા સમર્પણનું ઉદાહરણ આપે છે. જ્યાં સિનેમાનો જાદુ સામાન્યને અસાધારણમાં પરિવર્તિત કરે છે. અમને વિશ્વાસ છે કે અમદાવાદના મૂવી-ગોઈંગ દર્શકો હંમેશાની જેમ અમારા પર તેમનો પ્રેમ વરસાવતા રહેશે.

શુક્રવારે ભવ્ય ઉદઘાટન સમયે ઉત્સવના વાતાવરણમાં ફિલ્મ પ્રેમીઓ માટે વિશેષ સ્ક્રીનિંગ, પ્રમોશન અને આનંદદાયક આશ્ચર્ય દર્શાવવામાં આવ્યું હતું. નવી સ્ક્રીનો માત્ર તાજેતરની બોલિવૂડ અને હોલીવુડ બ્લોકબસ્ટર્સને જ પ્રદર્શિત કરશે નહીં પરંતુ પ્રાદેશિક ફિલ્મો માટે પ્લેટફોર્મ તરીકે પણ કામ કરશે, જે અમદાવાદમાં ગતિશીલ મૂવી-ગોઈંગ પ્રેક્ષકોની વિવિધ પસંદગીઓને પૂરી કરશે.

મુક્તા A2 સિનેમા એક યાદગાર સિનેમેટિક અનુભવ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, જેમાં સર્વશ્રેષ્ઠ મૂવીઝ, આરામદાયક બેઠક, શ્રેષ્ઠ સુવિધાઓ અને ફૂડ અને બેવરેજીસના વિવિધ વિકલ્પોનો સમાવેશ થાય છે.

૧૯ શહેરો અને ૨૬ સ્થળોએ ૭૩ સ્ક્રીનની હાજરી સાથે, મુક્તા A2 સિનેમાએ પ્રેક્ષકોને સતત ગુણવત્તાયુક્ત મનોરંજન પ્રદાન કરીને મનોરંજન ઉદ્યોગમાં પોતાને એક અગ્રણી તરીકે સ્થાપિત કરી છે. ઝુંડાલ નજીકના આમ્રકુંજ બિઝનેસ સેન્ટરમાં આ છ નવી સ્ક્રીનનો ઉમેરો ટ્રેન્ડસેટર તરીકે તેની સ્થિતિને પુનઃપુષ્ટ કરે છે.

## UNM ફાઉન્ડેશન આયોજીત

# અભિવ્યક્તિની પાંચમી આવૃત્તિમાં સંગીત, નાટક અને નૃત્ય પ્રદર્શનોને દર્શકોએ મનભરીને માણ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૨

ટોરેન્ટ ગ્રૂપના UNM ફાઉન્ડેશન દ્વારા આયોજીત અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની પાંચમી આવૃત્તિમાં તમામ વય અને વર્ગના દર્શકોએ પ્રતિભાશાળી કલાકારો દ્વારા રજુ કરાયેલ સંગીત, નૃત્ય અને નાટ્ય પ્રદર્શનને મનભરીને માણતા જોવા મળ્યા હતા.

માહિરા નગરીએ ''ધ ઓરિજિન ઓફ રાગ માલકૌંસ'' નામનું કથક નૃત્ય રજૂ કર્યું હતું. કથકના શોખીન માહિરા નગરીએ ૧૩ વર્ષ પહેલાં પોતાની નૃત્ય યાત્રા શરૂ કરી હતી અને હાલમાં તે દક્ષા શેઠના માર્ગદર્શન હેઠળ પ્રેક્ટિસ કરી રહ્યા છે. અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેકટની આ આવૃત્તિમાં માહિરાએ કથક નૃત્ય દ્વારા એક હિંદુ દંતકથાનું નિરૂપણ કર્યું હતું, જેમાં ભગવાન શિવના ક્રોધને શાંત કરવા માટે રચાયેલા રાગ માલકૌંસની ઉત્પત્તિની કથા વર્ણવવામાં આવી હતી. રાજકુમારી દેવી સતીનું આદિ પરમશક્તિમાં રૂપાંતર, પાર્વતી તરીકે તેમનો પુનર્જન્મ અને શિવના વિલાપ વચ્ચે માલકૌંસ રાગની શાંત શક્તિથી આ પ્રેરક કથા જાણે જીવંત બની ગઈ હતી.

નાટ્યકાર જૈની શાહે પોતાના યથાર્થવાદી હાસ્ય નાટક 'એ પીરિયડ ડ્રામા' દર્શાવ્યુ છે કે સામાન્ય રીતે સ્કૂલના સમયમાં છોકરીઓને એચીવર્સ તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ કડવું સત્ય એ છે કે વાસ્તવિક દુનિયામાં ઉત્તમ લાયકાત હોવા છતાં છોકરીઓએ ઓછી પ્રશંસા અને વેતનમાં અસમાનતાનો ભોગ બનવુ પડે છે. આ નાટકનો મુળ ઉદેશ્ય ઈતિહાસમાં મહિલાઓ સાથે થયેલ છુપા અન્યાયને બહાર લાવવાનો છે. જૈની શાહે આ નાટકમાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓના અણવર્ણવાયેલ સંઘર્ષના માધ્યમથી લૈંગિક અસમાનતાને ઉજાગર કરવાનો પ્રયત્ન કર્યો છે. જૈની શાહે વર્ષ ૨૦૨૨ માં અભિવ્યક્તિના મંચ ઉપર ક્રમ્બ્સના માધ્યમથી ડાયરેકટર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.

હૃદય દેસાઈએ પોતાના વેસ્ટર્ન કલાસિકલ મ્યુઝિક પર્ફોર્મન્સ 'હા માખેલા'માં અંગ્રેજી ગાયકોની રૂઢિવાદિતાને પડકારીને ગુજરાતી ભજનોના માધ્યમથી એક ગાઢ આધ્યાત્મિક અનુભવને રજુ કર્યો. તેઓ ૧૪મી અને ૧૫મી સદીની સંગીત પરંપરાઓને જાળીવી રાખી એક શાશ્વત સંવાદિતા અને ગીતો પર ભાર મુકે છે. આ પર્ફોર્મન્સમાં તેમણે સોપ્રાનોથી લઈને બાસ સુધીના તમામ વાદ્યોનો ઉપયોગ કર્યો છે, જે આધ્યાત્મિક રીતે સમૃદ્ધ સંગીતનો અનુભવ કરાવે છે. સંગીતના વિદ્વાન હૃદય દેસાઈએ માત્ર પાંચ વર્ષની ઉંમરે પોતાના પિતાની દેખરેખ હેઠળ ભારતીય શાસ્ત્રીય સંગીત ક્ષેત્રમાં પોતાની સફરની શરૂઆત કરી હતી. બાદમાં તેમણે લીલા તાઈ ખાંડેકર, ડૉ. વિરાજ અમર ભટ્ટ અને પંડિત વસંત કાબરા જેવા ઉસ્તાદોના માર્ગદર્શન હેઠળ પોતાની પ્રતિભાને નિખારી છે, સાથે જ ફાધર વિન્સેન્ટ ડિસોઝાના માર્ગદર્શનમાં વેસ્ટર્ન કલાસિકલ સંગીત ક્ષેત્ર પણ પોતાના પગલા પાડ્યા છે.

અભિવ્યક્તિના સ્થળ ઉપર ૫૦ થી વધુ કલાકારો દ્વારા પ્રદર્શિત વિઝ્યુઅલ આર્ટમાં પણ ખુબ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. આ વિઝ્યુઅલ આર્ટ દ્વારા કલાકારોએ પોતના સુક્ષ્મ નિરીક્ષણ અને અનુભવોને આધારે વિવિધ વિષયો ઉપર વાર્તાઓ રજુ કરી છે. જાણીતા કલાકાર રાકા પાંડાએ રવીન્દ્રનાથ ટાગોરના જીવન દર્શન અને સાહિત્ય સર્જનથી પ્રેરણા લીધી છે.

# ગુર્જર ક્ષત્રિય કડિયા સમાજના કેવલ ગોહેલનો આજે ૨૩ મો જન્મદિવસ

(પંકજ ઝીબા દ્વારા)



રાજકોટ તા. ૨

ગુર્જર ક્ષત્રિય કડીયા સમાજના આશાસ્પદ યુવાન કેવલ ગોહેલ આજે તા.૨-૧૨-૨૩ ના રોજ ૨૨ વર્ષ પુર્ણ કરી ૨૩મો જન્મદિવસ ઉજવે છે. શાંત, સરળ, સુશીલ અને વિવેકી સ્વભાવના કેવલ નાનપણથી જ રાજકોટમાં રહેતા તેના મામાના ઘરે રહી સ્કુલ સુધીનો અભ્યાસ કર્યો હતો. અભ્યાસ પુર્ણ કરી હામાં તે રાજકોટની નામાંકિત વાઈકીંગ એડવર્ટાઈઝીંગ કંપનીમાં બેક ઓફીસ ઈન્ચાર્જ તરીકે ફરજ બજાવે છે. કેવલને તેના જન્મદિવસે સગા-સ્નેહીઓ, મિત્રો તરફથી તેમના મોબાઈલ નં.૯૫૫૮૫ ૪૨૦૨૫ ઉપર શુભેચ્છા સંદેશ મળી રહયા છે.

# ઉનાના નાઠેજ ગામે અનુસિત જાતિના વિસ્તારમાં ગંદકી દૂર કરવા પ્રાંત કચેરીએ આવેદન

**નાઠેજ ગ્રામ પંચાયતને અનેક રજૂઆત કરવા છતા કોઈપણ જવાબ નહીં**

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા. ૨

ઊનાના નાઠેજ ગામે અનુસૂચિત જાતિના વિસ્તારમાંથી ગંદકી દૂર કરવા ગઈકાલે પ્રાંત અધિકારીને આવેદનપત્ર પત્ર પાઠવી અને રજૂઆત કરાઈ છે. જેમાં ગ્રામ્ય વિસ્તારના ગામના મોટી ઉંમરના વૃદ્ધજનો, આંગણવાડી તથા પ્રાથમિક શાળામાં જતાં નાના બાળકોને ખુબજ મુશ્કેલી પડે છે. તેમજ અનુસૂચિત જાતીના વિસ્તારમાં કોઈ સારા પ્રસંગો હોય કે મરણના પ્રસંગો હોય ત્યારે પણ પારાવાર મુશ્કેલી પડે છે. ગંદુ પાણી અને લપાસણો રસ્તો હોવાથી અવારનવાર ચાલીને જતાં તથા મોટરસાઈકલ પર જતાં વ્યક્તિઓને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે.

આ બાબતે અનેકવાર નાઠેજ ગ્રામ પંચાયતને રજૂઆત કરેલ હોવા છતા અમારા સમાજ પ્રત્યે સમસ્યાનું સમાધાન થવા ઈચ્છતા ન હોય, આ રસ્તા પરથી પસાર થતી ગંદા પાણીની ગટરનું અધૂરૂં કામ પૂર્ણ કરવામાં આવતું નથી. જો ગટરનું કામ તાત્કાલિક અસરથી પૂર્ણ કરવામાં આવે તો સમસ્યાનું સત્વરે નિરાકરણ થાય તેમ છે. પરંતુ ગ્રામ પંચાયત આ બાબતે ગંભીર હોય તેવું જરાય પણ દેખાતું નથી. જયારે આ બાબતે કોઈ યોગ્ય નિકાલ નહીં આવે તો બાબાસાહેબ આંબેડકરના સ્ટેચ્યૂ પાસે ધરણાં કરવાની ફરજ પડશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે.

# માંગરોળ તાલુકાના રૂદલપુર ગામના ધરતી પુત્રોને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિનુ પ્રશિક્ષણ આપવામાં આવ્યું









(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨

માંગરોળ તાલુકાના રૂદલપુર ગામના ધરતી પુત્રોને તા.૧/૧૨/૨૩ શુક્રવારના દિવસે HDFC BENK અંબુજા ફાઉન્ડેશન કલાયમેન્ટ સ્માર્ટ એગ્રીકલ્ચર પ્રોજેકટ માંગરોળના FF ઋષિતભાઈ ખેર, FMT વિજયભાઈ પરમાર FMT મોહનભાઈ પંડિત દ્વારા નિરોગી તંદુરસ્ત રહી અને ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવીએ તેમજ જળરક્ષા ગૌરક્ષા, જીવદયા ખેતરના સેઢા ઉપર બફર ઝોન, તેમજ લુપ્ત થતા વૃક્ષો વાવવા જોઈએ, પક્ષીઓની લુપ્ત થતી પ્રજાતિ જતન કરવું, પર્યાવરણ જતન કરવું, પ્લાસ્ટિક મુક્ત ભારત, ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવી ધરતીમાતાને ઝહેર મુક્ત કરવા માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ગુર્જર ક્ષત્રિય કડિયા કુંભાર જ્ઞાતિ સમુહલગ્ન સમિતિ (નાઘેર) દ્વારા ૧૯મો સમૂહ લગ્ન સમારોહ સંપન્ન

**૨૪ નવદંપતીઓએ પ્રણય જીવનના પવિત્ર પથનાં બંધન બની પ્રભુતામાં પગલાં પાડયા**



(પ્રતિનિધિ દ્વારા)

ઉના તા. ૨

ગીરગઢડા તાલુકાના સનવાવ ગામે તા ૨૭/૧૧/૨૩નાં રોજ શ્રી ગુર્જર ક્ષત્રિય કડિયા જ્ઞાતિનો સમુહ લગ્ન સમારોહ દબદબા ભેર યોજાયો હતો. આ સમૂહલગ્નમાં ૨૪ યુગલોએ પ્રભુતામાં પગલાં પાડયાં હતા. સમુહલગ્નમાં જ્ઞાતિનાં શ્રેષ્ઠ દાતાઓનું સમુહલગ્ન સમિતિનાં પ્રમુખ હીરજીભાઈ જીવાભાઈ પરમાર, ઉ.પ્રમુખ કાળુભાઈ ભાણાભાઈ ચોટલિયા, મંત્રી જેશિંગભાઈ ભીખાભાઈ પોરિયા તેમજ સભ્યો દ્વારા તમામ જ્ઞાતિ અને મહાનુભાવોઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ વિશેષ સમુહલગ્નનાં સ્થાપક નારણભાઈ દેવદાસભાઈ મનાણી, જે.કે. ચાવડા, ઉપાધ્યક્ષ ભાજપ બક્ષીપંચ મોરચો જૂનાગઢ, દિનેશભાઈ કાચા, આ સમુહલગ્નનાં ભોજન દાતા ભીખાભાઈ કાનાભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. કરશનભાઈ મૂળાભાઈ ગેડીયા, દામજીભાઈ ગોવિંદભાઈ મારૂ, જીજ્ઞેશભાઈ નાનજીભાઈ વાળા, મહુવા, વાલજીભાઈ રત્નાભાઈ પોરીયા તેમજ આ સમૂહલગ્ન સમારોહમાં નાઘેર સુરત પંથકનાં અગ્રણીઓ, બહોળી સંખ્યામાં ભાઈ-બહેનો, માતાઓ તથા વડીલો ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢની શ્રીજી કો-ઓપરેટીવ સોસાયટીનું લાખોનું ફુલેકું : સભાસદોએ બ્રાંચ ઓફિસે હોબાળો મચાવ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ જીલ્લામાં શ્રીજી કો-ઓપરેટીવ સોસાયટીએ લાખો રૂપિયાની છેતરપિંડી કરી હોવાની ચર્ચા સાથે આક્ષેપો થઈ રહ્યા છે અને છેતરપિંડીના આ કૌભાંડમાં સભાસદોના નાણાં ડુબી ગયા છે ત્યારે સભાસદો દ્વારા બ્રાંચ ઓફિસે હોબાળો મચાવ્યો હતો અને છેતરપિંડી સહિતના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. આ અંગે મળતી વિગત અનુસાર, જૂનાગઢ જીલ્લામાં છ થી વધુ શાખા ધરાવતી શ્રીજી કો-ઓપરેટીવ સોસાયટીના સભાસદો દ્વારા જૂનાગઢ બ્રાંચ ઓફિસે હોબાળો મચાવ્યો હતો. સેંકડો સભાસદોના લાખો રૂપિયા ફસાયા હોવાનું અને હાલ બ્રાંચની ઓફિસે તાળા મારીને સંચાલકો ફરાર હોવાનું સામે આવ્યું છે. જૂનાગઢ જીલ્લામાં છ થી વધુ શાખા ધરાવતી શ્રીજી કો-ઓપરેટીવ સોસાયટીએ ગ્રાહકો સાથે લાખો રૂપીયાની છેતરપિંડી આચરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાય વર્ષથી સંસ્થાએ લોકોને ઉંચા વ્યાજની લાલચ આપી રૂપીયાની ઠગાઈ કરી હતી. જેથી લોકોમાં હાલ રોષ જોવા મળી રહ્યો છે. લોકો પોતાના રૂપિયા પરત મળે તેવી માંગ કરી રહ્યા છે. બીજી તરફ કરોડોનું ફુલેકું ફેરવી ઓફિસને તાળા લગાવીદીધા છે.

આ મામલે અગાઉ જીલ્લા કલેકટર કચેરી ખાતે છેતરપિંડીનો ભોગ બનનાર લોકોએ આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમ છતાં લોકોના નાણા પરત મળ્યા નહી કે પેઢી સામે કોઈ એકશન લેવામાં ના આવતા અસંખ્ય રોકાણકારો દ્વારા ઝાંઝરડા ચોકડીએ આવેલી શ્રીજી કો-ઓપરેટીવ સોસાયટીની બંધ ઓફિસ સામે હંગામો કર્યો હતો.

# જૂનાગઢ સહિત સોરઠમાં ભેજમય વાતાવરણ સાથે ઠંડીનું આક્રમણ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ સહિત સોરઠ પંથકમાં ભેજમય વાતાવરણ વચ્ચે ઠંડીની તીવ્રતામાં વધારો થયો છે અને જેને લઈને જનજીવન પ્રભાવીત બન્યું છે. ગત રવિવારે કમોસમી વરસાદ બાદ ઠાડાટબુકલા જેવું વાતાવરણ સર્જાયું છે. છેલ્લા બે દિવસથી ઠંડીનું સતત આક્રમણ રહ્યું છે અને આગામી દિવસોમાં પણ હજુ ઠંડી વધે તેવી શકયતા હવામાન વિભાગના ધિમંત વઘાસીયાએ દર્શાવી છે. આજે જૂનાગઢ અને સોરઠ પંથકમાં ઠંડીની શીત લહેર પ્રસરી ગઈ છે. જૂનાગઢ તેમજ સોરઠ પંથકમાં ૧ દિવસમાં તાપમાનનો પારો ૪.૧ ડિગ્રી ગગડતા શીતલહેર પ્રસરી ગઈ છે. ઠંડીની સાથે સવારે વાતાવરણમાં ધુમ્મસ પણ છવાય રહી છે. કૃષિ યુનિવર્સિટી હવામાન વિભાગમાંથી મળતી માહિતી મુજબ, જૂનાગઢમાં શુક્રવારે ગિરનાર પર તાપમાન ઘટીને ૧૦.૨ ડિગ્રી થઈ જતાં સમગ્ર પર્વતીય વિસ્તાર ઠંડોગાર થઈ ગયો છે. ફરવા આવેલા પ્રવાસીઓએ ગુલાબી ઠંડીનો અનુભવ થયો હતો. છેલ્લા બે દિવસથી શરૂ થયેલો ઠંડીનો દોર સતત ત્રીજા દિવસે પણ યથાવત રહેતા લોકોની મુશ્કેલી વધી છે. ગુરૂવારે જૂનાગઢ શહેરનું લઘુત્તમ તાપમાન ૧૯.૩ ડિગ્રી રહ્યા બાદ શુક્રવારની સવારે તાપમાનનો પારો ૪.૧ ડિગ્રી નીચે ઉતરીને ૧૫.૨ ડિગ્રીએ સ્થિર થયો હતો. જેની સાથે વાતાવરણમાં ભેજનુંપ્રમાણ ૬૮ ટકા રહેવાના કારણે ઠંડીએ વધુ પક્કડ જમાવી હતી. એટલું જ નહી બપોરનું મહતમ તાપમાન પણ ધરખમ રીતે ઘટીને ૨૮.૬ ડિગ્રી નોંધાયું હતું. દિવસ દરમ્યાન ૪.૧ કિલોમીટરની ઝડપે ઠંડો પવન પણ ફુંકાતા વાતાવરણ ઠંડુગાર થઈ ગયું હતું. આખો દિવસ શીતલહેર રહેતા લોકોએ સ્વેટર, મફલર સહિતના ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડયો હતો. આજે તાપમાન જોઈએ તો મેકસીમમ ૨૧.૦, મીનીમમ ૨૦.૦, ભેજ ૮૦ ટકા અને પવનની ગતિ ૮.૨ રહી છે. આગામી દિવસોમાં પણ ઠંડીની મોજુ યથાવત રહેવાની શકયતા હવામાન જોવાઈ રહી છે.

# જૂનાગઢ કલેક્ટર કચેરીની જંગમ મિલ્કતો જપ્ત કરવા કોર્ટનો આદેશ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ ખાતે આવેલી કલેકટર કચેરીની જંગમ મિલ્કતનો જપ્ત કરવા કોર્ટ દ્વારા આદેશ જારી કરવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત અનુસાર, જૂનાગઢની મેઘાણી નગર સોસાયટીમાં ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા છેક ૧૯૭૫માં બનાવાયેલા ૨૦૪ પૈકીના ૬૪ આવાસના જમીનના ટાઈટલ હજુ સુધી ક્લિયર નથી. આથી સોસાયટીના નરેન્દ્રભાઈ નરભેરામ ઠાકર સહિતના રહીશોએ કોર્ટમાં ઘા નાંખી હતી. જેમાં કલેકટર દ્વારા સરકારનો પક્ષ રાખવામાં ન આવતાં કોર્ટે એક તરફી જપ્તીનો હુકમ આપ્યો હતો. જેની અમલવારી માટે જુલાઈ ૨૦૨૩માં પક્ષકારો કોર્ટના બેલીફને લઈને કલેકટર કચેરીએ ગયા હતા. જયાં સિનીયર સિટીઝનોને તેમની વાત સાંભળવા માટે બેસવા સુધ્ધાંનો વિવેક નહોતો કરાયો અને આ ડીપાર્ટમેન્ટલ મામલો છે કહી ત્યારે તેઓને વળાવી દેવાયા હતા. જોકે બાદમાં કલેકટર દ્વારા ઉપરની કોર્ટમાં એવી અપીલ કરાઈ હતી કે, હુકમની અમલવારીમાં થયેલા ૪૪ મહિના ૨૩ દિવસના વિલંબને માફ કરવામાં આવે અને ૩૮/૨૦૧૪નો આદેશ સ્વીકાર્ય નથી. દરમ્યાન ફરીથી તા.૨૧ નવે. ૨૦૨૩ના રોજ જૂનાગઢના મુખ્ય સિનીયર સિવીલ જજ આર.જે. મીરાણીએ કોર્ટના બેલીફને ફરીથી એજ મતલબનો હુકમ કર્યો છે. જેમાં તા.૩૦ ડિસે. ૨૦૨૩ સુધીમાં કલેકટર કચેરીની જંગમ મિલ્કતોની જપ્તીના હુકમની અમલવારી કરવા જણાવાયું છે.

## જૂનાગઢ : યુવતીના અપહરણ અંગે ફરજમાં રૂકાવટની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢના સખી વન સ્ટોપ સેન્ટરમાંથી યુવતીનું તેના પરિવારજનો અપહરણ કરી જતા ફરજમાં રૂકાવટનો ગુનો નોંધાયો છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, હિરલબેન ડો/ઓ મેઘજીભાઈ ખુંટ પટેલ(ઉ.વ.૩૦) રહે.ગામ ગીર ગુંદાળા તા.મેંદરડા વાળાએ રસીકભાઈ રવજીભાઈ, કાંતાબેન રસીકભાઈ, મનીષ ધીરૂભાઈ, અંકિત વિગેરે વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદીની કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ફરિયાદીની સંસ્થામાં રહેલ આશ્રીત અક્ષીબેન(ઉ.વ.૧૯)નું તેમના પરિવારજનોએ બળજબરીથી અપહરણ કરી પોતાની સફેદ કલરની ફોરવ્હીલ વાહનમાં અક્ષીબેનને બેસાડી એકબીજાને મદદગારી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની પોલીસમાં ફરિયાદ નોંધાવતા એ ડીવીઝન પોલીસે આરોપીઓ વિરૂધ્ધ કલમ ૩૬૫, ૧૮૬, ૧૪૪ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એમ.ડી. જાદવ ચલાવી રહ્યા છે.


હાર્દિક શુભેચ્છા.....

ભણતર સાથે ગણતરના પાઠ - તો નકકી શાળા ... જ હશે...

**શ્રી કૃષ્ણ વિદ્યા મંદીર**

- ધો. ૧ થી ૧૨ (ગુજરાતી માધ્યમ)
- પ્લે હાઉસ, L.K.G., H.K.G. (અંગ્રેજી / ગુજરાતી માધ્યમ)

પ્રમુખનગર, દીપાંજલી, ટીંબાવાડી, જૂનાગઢ

મો. ૯૪૨૮૩ ૭૮૦૭૦

સંચાલક : વાઢેર સાહેબ - (નિવૃત, મુરલીધર હાઈસ્કુલ)

શોભના મેડમ : (નિવૃત, કાંબલીયા વિદ્યાલય)

દક્ષા મેડમ : (પ્રિન્સીપાલ)

Email : kvm_05@yahoo.com



**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮

નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



**લકઝરીયસ બંગલો વેચવાનો છે**

બજાર કિંમતથી અડધી કિંમતે, મોટા મોટા પાંચ રૂમ, હોલ, કિચન વરસાદના પાણીનો ૯૦૦૦ લિટરનો ભૂગર્ભ ટાંકો, ૧૬૦ ફૂટનો બોર, રોયલ ટચ સનમાઈકા અને દશ વર્ષ ગેરંટી વાળા પ્લાયવુડ સાથેનું ફર્નિચર, ૧૦૦% પાઇનવાળા ગર્જન કંપનીના બધા જ દરવાજા, દરેક બારીમાં મચ્છર જારી, ૧૫૨ ચોરસ વારમાં ૯૦% બાંધકામ, ઉતરાભિમુખ, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્ર મુજબનું ફક્ત ૯ નવ વર્ષનું નવું બાંધકામ, અદ્યતન બંગલો વેચવાનો છે.

દોમડીયાવાડી પાસે, SBI સામે, ગીરીકુંજ સોસાયટી.

મો. ૭૫ ૭૫ ૮૦ ૬૫ ૮૫



